



ફાગણ સુદ સાતમના રોજ પ્રતિષ્ઠિત થયેલાં પંચમેરુ-નંદીશ્વર-જિનાલયમાં બિરાજમાન વીતરાગી જિનબિંબોની પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અષ્ટદ્રવ્યોથી પૂજા કરી રહ્યા છે.

૯૪૨

## વૈશાખ સુદ બીજ :
## ભક્તોના મહાન પુણ્યોદયનું પ્રતીક

પ્રભો ! સીમંધર ભગવાનના જ્ઞાનમાં ને વાણીમાં આવ્યું કે આ રાજકુમારનો જીવ ભરતક્ષેત્રમાં જન્મ લેશે ને ભગવત્ કુંદકુંદદેવ દ્વારા પ્રકાશિત મહાવીર સ્વામીના માર્ગને પ્રવર્તાવશે.–એટલે કે સીમંધર સ્વામીની આજ્ઞાથી અમ મુમુક્ષુઓને સંસારસાગરથી પાર ઉતારવા આપે અહીં જે દિવસે જન્મધારણ કર્યો તે આજનો વૈશાખ સુદ બીજનો દિવસ અમ ભક્તોના મહાન પુણ્યોદયનું પ્રતીક છે.

જ્યારે આ ભરતક્ષેત્ર ભગવાનના છત્ર વિના અનાથ બન્યું હતું, ક્રિયાકાંડરૂપી વ્યવહારના અને નિમિત્તકર્તાવાદના અજ્ઞાન-અંધકારમાં ડૂબી ગયું હતું તે વખતે આપે ભક્તોને ઉગારવા મહાવિદેહથી અત્રે પધારીને, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધની સાક્ષાત્ ભગવાનની વાણીનો શંખનાદ ફૂંકીને લાખો ભવિકોને વીરમાર્ગે પ્રયાણ કરાવ્યું.

આપની કલ્યાણમયી મંગલ ઉપસ્થિતિમાં તો લાખો ભવ્યો તત્ત્વજ્ઞાન પામીને કલ્યાણના માર્ગે ચઢી ગયા પણ આપની અનુપસ્થિતિમાં પણ, આપે પ્રકાશિત તત્ત્વજ્ઞાન વડે પંચમઆરાના અંત સુધી ભવ્ય જીવો તત્ત્વજ્ઞાનના સન્માર્ગે પ્રયાણ કરતાં રહીને, પંચમઆરાના અંત સુધી ભવ્ય જીવો આપના અસીમ ઉપકારનું શબ્દો દ્વારા વર્ણન કરવું અશક્ય હોવાનો અનુભવ કરતાં રહેશે.

'એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ તો એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે શું ?' એ સિદ્ધાંત દ્વારા સ્વતંત્રપણે પરિણમતા દરેક દ્રવ્યોની સ્વતંત્રતાની ઘોષણા કરીને, આપે ત્રિકાળી ધ્રુવધામની ધૂણી ધખાવીને,

ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિ કરવાનો ગૂઢ માર્ગ પ્રકાશીને, લાખો ભક્તોને સત્પુરુષાર્થે ચઢાવીને ભગવાનનો વિરહ ભૂલાવી દીધો હતો.

પ્રભુ ! આ વિશ્વમાં ઉત્તમમાં ઉત્તમ પદાર્થ આત્મા છે અને એવો સર્વોત્તમ આત્મા જેણે આપ્યો તેના ઉપકારનું કથન જ જ્યાં બની શકતું નથી ત્યાં તેમનાઅસીમ ઉપકારના પ્રત્યુપકાર વાળવાનું કાર્ય તો અસંભવિત જ હોય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આશ્ચર્યની વાત તો એ છે કે જેમ જેમ અમ ભક્તોને અમારા હૃદયમાં સર્વોત્કૃષ્ટ સ્થાને બિરાજમાન આપશ્રી પ્રત્યે કૃતજ્ઞતાની ઉગ્ર ભાવનાથી વધુ ને વધુ અર્પણતા આવે છે તેમ તેમ અમ ભક્તો ઉપર આપશ્રીનો અસીમ ઉપકાર વધતો જ જાય છે.

આજે પણ દેશ-વિદેશમાં વસતાં એકે એક મુમુક્ષુઓનાં હૃદય આપના ઉપકાર-મહિમા વડે ધબકી રહ્યાં છે. પાંચ પાંચ વરસના વિરહ છતાં ટેપરૂપી ભાજનમાં ભરેલી આપની કલ્યાણકારી વાણીના રણકર સાંભળીને દરેકે દરેક મુમુક્ષુ પોતાને ગુરુકરુણાની શીતળ છાંયડીમાં વસતો અનુભવી રહ્યો છે. આપની અનુપસ્થિતિમાં આપના પરમ ભક્ત પ્રશમમૂર્તિ સ્વાનુભૂતિસંપન્ન ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની છત્રછાયામાં ઉલ્લાસમય અનેકવિધ મંગલ કાર્યો વડે સુવર્ણધામ વૃદ્ધિગત થઈ રહ્યું છે એ આપના જ મહાન પ્રભાવના–ઉદયનો પરમ પ્રતાપ છે.

સમસ્ત મુમુક્ષુઓના પરમ સૌભાગ્યના પ્રતીક સમા આજના આ ૯૬ મી જન્મજયંતીના માંગલિક પ્રસંગે, અનેકવિધ પ્રસંગે આપશ્રીના કરુણાસાગર હૃદયમાંથી પ્રવાહિત થતાં રહેલાં સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક, સૂક્ષ્મ, ગંભીર તેમ જ ઉલ્લાસપૂર્ણ હૃદયોદ્ગારોને અમારા હૃદયમાં સ્થાપીને, આપશ્રીના અસીમ ઉપકારના સતત સ્મરણપૂર્વક, અત્યંત ભક્તિભાવે શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. —સંપાદક

—૦—

# પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

[ વિવિધ પ્રસંગે કરુણાસાગર હૃદયમાંથી પ્રવાહિત થતાં રહેલાં હૃદયોદ્‌ગાર ]

આચાર્ય ભગવાન કહે છે કે તું સિદ્ધ છો, તારામાં તું તને સિદ્ધપણે સ્થાપીને સાંભળજે. સિદ્ધથી ઓછું અમારી પાસે માંગીશ નહિ. ૧.

*

હું સિદ્ધ જેવો જ છું અને અરિહંત જેવો જ છું એવા વિશ્વાસમાં શુદ્ધ અસ્તિત્વનું જોર આપ્યું છે. જેવા અરહંત–સિદ્ધ છે એવો જ હું છું એમ બેની સમાનતામાં શુદ્ધ–અસ્તિત્વના વિશ્વાસનું જોર છે. ૨.

*

સંતો એમ કહે છે કે જિનવરદેવ ગણધરોની સભામાં આમ કહેતા હતા કે ધ્રુવ ભગવાન, ઉત્પાદ–વ્યયની પર્યાયને કે બંધ–મોક્ષની પર્યાયને કરતો નથી; તેને જિનવરદેવ જીવ કહે છે. બંધ–મોક્ષની પર્યાયને જે કરતો નથી તેને અમે જીવ કહીએ છીએ–એમ જિનવર-દેવ કહે છે. ૩.

*

પ્રવચનસારની ગાથા ૮૦માં અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે છે તે આત્માને જાણે છે તેમ કહ્યું ને અહીં સમયસાર ગાથા ૧ માં કહ્યું કે જે અનંત સિદ્ધોને–સર્વજ્ઞોને પોતામાં સ્થાપે છે એટલે કે જાણે છે તે પોતાના આત્માને જાણે છે અને તે શ્રુતકેવળી થશે એટલે કે સમ્યગ્દૃષ્ટિ થશે ને પછી કેવળી થશે એમ કહ્યું. આહાહા ! ગજબ વાત કરી છે. જેણે એક સમયની પર્યાયમાં અનંતા સિદ્ધોને–સર્વજ્ઞોને સ્થાપ્યા છે, જાણ્યા છે, આદર કર્યો છે, એનું લક્ષ રાગમાંથી ખસીને જ્ઞાનસ્વભાવ સન્મુખ જ જાય છે એવા શ્રોતાના આત્મામાં અનંતા

સિદ્ધોને સ્થાપું છું એમ કહ્યું છે. જે શ્રોતા પોતે અનંતા સિદ્ધોને પોતામાં સ્થાપે છે એને ગુરુ સ્થાપે છે તેમ કહેવાય છે. આહાહા! જેણે એક સમયની અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરી છે તેણે પોતાને રાગથી ને સંસારથી ઉપાડી લીધો છે. જે પર્યાય અનંતા સિદ્ધોને પી ગઈ– જાણી લીધા એ પર્યાય દ્રવ્યને જાણવાને કામ કેમ ન કરે ? જે પર્યાય અનંતા સિદ્ધોને સ્થાપે છે–જાણે છે તે પર્યાય દ્રવ્યમાં ઢળી જ જાય છે ને પોતાના દ્રવ્યને જાણે જ છે ને સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય જ છે. આહાહા! જેણે પોતાની અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપ્યા છે, જાણ્યા છે એ તે કાંઈ સાધારણ વાત છે ! જેણે અનંતા સિદ્ધોની સ્થાપના કરી એના શ્રદ્ધા–જ્ઞાન દ્રવ્યસ્વભાવ ઉપર જ જાય છે ને તે સિદ્ધ થયા વિના રહે નહિ એવા શ્રોતાને શ્રોતા તરીકે લીધા છે. ભાઈ ! તારો આત્મા તારી પર્યાયની સમીપમાં જ છે, તેને તું જો! તારી પર્યાયમાં અનંત સિદ્ધોની સ્થાપના કર તો તને તારી પર્યાયની તાકાત કેટલી છે તે ખબર પડે! જે શ્રોતા સિદ્ધોનું પર્યાયમાં સ્થાપન કરીને સાંભળે છે, વાંચે છે, વિચારે છે, એમાં એનું જ પોષણ ને પુષ્ટ કરતાં કરતાં અલ્પ કાળમાં સિદ્ધ થઈ જવાના જ છે. ૪.

*

આ (—શ્રી સમયસાર ગાથા ૩૦૮) બહુ સરસ ગાથા છે. આ ગાથા મોક્ષ અધિકારની ચૂલિકા છે. અહીં આચાર્યદેવ આત્માનું અકર્તાપણું બતાવે છે. અકર્તાપણું એટલે કે જ્ઞાયકસ્વભાવની સિદ્ધિ ક્રમબદ્ધ દ્વારા કરી છે. એક પછી એક થાય ને જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય તેનું નામ ક્રમબદ્ધ છે. દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય છે એટલે કે તેને અન્ય દ્રવ્ય તો કરતું નથી પણ તે પર્યાયને તે દ્રવ્ય પણ આઘી–પાછી કરી શકે—ફેરફાર કરી શકે એમ પણ નથી. ક્રમબદ્ધ તો મહાસિદ્ધાંત છે. ક્રમબદ્ધનો સાચો નિર્ણય કરવા જાય ત્યાં દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર જાય છે, અને ત્યારે જ ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. ક્રમબદ્ધ પર્યાયના આશ્રયે ક્રમબદ્ધનો

નિર્ણય નહિ થાય. અકર્તાસ્વભાવની દૃષ્ટિ કરવાથી ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. માટે ક્રમબદ્ધના નિર્ણયમાં પુરુષાર્થનો નિષેધ થઈ જતો નથી પણ ક્રમબદ્ધના નિર્ણયમાં દ્રવ્યસ્વભાવનો અનંતો પુરુષાર્થ છે. અકર્તાપણું એ નાસ્તિકનું કથન છે. ક્રમબદ્ધ દ્વારા જ્ઞાયકસ્વભાવની અહીં સિદ્ધિ કરવામાં આવી છે. ૫.

*

આત્મા પરદ્રવ્યને તો સ્પર્શતો નથી, રાગને પણ સ્પર્શતો નથી પણ અહીં અલિંગગ્રહણના ૧૯ માં બોલમાં તો કહે છે કે આત્મદ્રવ્ય પોતાની નિર્મળ પર્યાયને પણ સ્પર્શ કરતો નથી. નિર્મળ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. દ્રવ્યસામાન્ય છે તે વિશેષરૂપ પર્યાયમાં આવતું નથી–સ્પર્શતું નથી. દ્રવ્ય વસ્તુ છે તે પર્યાયને કરતી નથી. પર્યાયને અડતી નથી અને પર્યાય છે તે દ્રવ્યમાં નથી, દ્રવ્યને સ્પર્શતી નથી. પર્યાયનું લક્ષ કરવા જતા રાગ ઉત્પન્ન થશે ને દ્રવ્યનું લક્ષ કરતાં રાગ તૂટી નિર્વિકલ્પતા થશે. અતીન્દ્રિય આનંદ અનુભવાશે. ભાઈ! તારી નિર્મળ પર્યાય થાય તેને પણ દ્રવ્ય અડતું નથી. આહા...હા...! દ્રવ્ય ને પર્યાય બન્નેની આવી સ્વતંત્રતા બતાવે છે. પર્યાય ક્ષણિક છે તે ધ્રુવ દ્રવ્યને અડતી નથી. આહાહા! અલૌકિક વાતુ છે. દ્રવ્ય છે તે પર્યાયને દ્રવે છે–ઉત્પન્ન કરે છે એ પણ અપેક્ષાથી કથન છે, બીજા દ્રવ્યથી પર્યાય થતી નથી તેમ બતાવવા કહ્યું છે. પણ અહીં તો અધ્યાત્મની એકદમ સૂક્ષ્મ વાત કહે છે કે દ્રવ્ય છે તે પર્યાયનો દાતા નથી. ધ્રુવ અસ્તિત્વ ને ક્ષણિક અસ્તિત્વ બેને ભિન્ન બતાવે છે. ૬.

*

વિકારી પર્યાય પરદ્રવ્યની સન્મુખતા કરે છે તેથી વિકારને દ્રવ્યથી ભિન્ન કહ્યો અને શુદ્ધ પર્યાય સ્વદ્રવ્યની સન્મુખ થાય છે તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહેવાય છે, પણ અભિન્નતાનો અર્થ એ છે કે દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે–શક્તિ છે એ જ્ઞાન પર્યાયમાં આવી

જાય છે, પ્રતીતિમાં આવી જાય છે, તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહી છે. પણ એનો અર્થ એ નથી કે અનિત્ય પર્યાય નિત્ય દ્રવ્યની સાથે એકમેક થઈ જાય છે. દ્રવ્ય-પર્યાય બન્નેનું સ્વરૂપ જ ભિન્ન હોવાથી બન્ને ભિન્ન છે. પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે—લક્ષ કરે છે તેથી પર્યાય શુદ્ધ થાય છે, પણ તેથી દ્રવ્ય-પર્યાય એક થઈ જાય છે તેમ નથી, બન્નેના સ્વરૂપ ભિન્ન હોવાથી પર્યાય દ્રવ્યરૂપ થતી નથી અને દ્રવ્ય પર્યાયરૂપ થતુ નથી. ૭.

*

ભગવાન તું અકારણકાર્ય શક્તિવાળો છો, તે અકારણકાર્ય શક્તિ ઉપર દષ્ટિ પડતાં અકારણકાર્યપણું પર્યાયમાં પ્રગટ થયું એટલે પર્યાયમાં પણ અકર્તા થયો. આહાહા! જ્ઞાતાદષ્ટા પ્રભુ તું છો, થાય તેને જાણનાર છો, થાય એનો જાણનાર છો. રાગ થાય તે કાળે જ્ઞાન તેને જાણતું પરિણમે છે. જાણનાર....જાણનાર ...જાણનાર જ છો. ૮.

*

જે સમયે જડના પરિણામ થાય છે તે જ સમયે જ્ઞાતાના પરિણામ જાણવાના થાય છે એ જ જ્ઞાતાનું વ્યાપ્ય છે, એ જ જ્ઞાનનો પુરુષાર્થ છે. ફેરફાર કરવું તે તો ઊંધો પુરુષાર્થ છે. જ્ઞાતા છે તે તે જ સમયના જ્ઞેયપરિણામને જાણે, તે જ જ્ઞાતાનું કાર્ય છે. ૯.

*

જે સમયે જે પર્યાય થવાની છે તે થવાની જ છે એ નિશ્ચય છે—એમાં અજ્ઞાનીને શંકા થાય છે કે એમ માનતા તો નિયત થઈ ગયું? અરે! નિયત એટલે નિશ્ચય છે અને પર્યાયના નિશ્ચયથી પર્યાયની ને પરની કર્તાબુદ્ધિ છૂટી જાય છે એટલે જ્ઞાતાદષ્ટિ થાય છે અને જ્ઞાતાપણું થવું તે ક્રમબદ્ધનું પ્રયોજન છે. ૧૦.

*

ચક્ષુની માફક આત્મા માત્ર જાણે-દેખે જ છે; પરને તો કરતો

નથી. રાગાદિને તો કરતો નથી, પણ સંવર-નિર્જરા ને મોક્ષના પરિણામને પણ કરતો નથી. આહાહા ! જે થાય તેને માત્ર જાણનાર... જાણનાર ને જાણનાર જ આત્મા છે. ૧૧.

*

આત્મા વિશ્વનો પ્રકાશક છે. જાણનાર છે. રાગ આવે છે તેનો પણ જાણનાર છે. શું એની શૈલી છે! આહાહા! શરીર-મન-વાણીને આત્મા કરે નહિ, કરાવે નહિ, કરતાને અનુમોદે નહિ. શુભરાગને પણ આત્મા કરે નહિ, કરાવે નહિ, અનુમોદે નહિ. આહાહા ! આવી વસ્તુ સ્થિતિ છે. ૧૨.

*

ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરીને ભૂતાર્થ કહ્યો અને પર્યાયને અભૂતાર્થ કહી એટલે કે પર્યાય નથી એમ કહ્યું ત્યાં પર્યાયને ગૌણ કરીને નથી એમ કહ્યું છે. એથી પર્યાય સર્વથા નથી જ એમ નથી. પર્યાયમાં જેટલો રાગ છે એટલું દુઃખ પણ છે. સમ્યગ્દષ્ટિને રાગ કે દુઃખ નથી એમ કહ્યું છે એ તો દૃષ્ટિની પ્રધાનતાથી કહ્યું છે પણ પર્યાયમાં જેટલો આનંદ છે તેને પણ જ્ઞાન જાણે છે અને જેટલો રાગ છે એટલું દુઃખ પણ સાધકને છે તેમ જાણે છે. પર્યાયમાં રાગ છે, દુઃખ છે, તેને જો જાણે નહિ તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલ છે. સમ્યગ્દષ્ટિને દૃષ્ટિનું જોર બતાવવા આસ્રવ નથી તેમ કહ્યું છે પણ જો આસ્રવ સર્વથા ન હોય તો મુક્તિ હોવી જોઈએ! કર્તાકર્મ-અધિકારમાં સમ્યગ્દષ્ટિને રાગ થાય છે તેનો કર્તા પુદ્‌ગલકર્મ છે, આત્મા કર્તા નથી તેમ કહ્યું છે અને પ્રવચનસારમાં જ્ઞાનીને રાગ થાય છે તેનો કર્તા આત્મા છે, રાગનો અધિષ્ઠાતા આત્મા છે તેમ કહ્યું, છતાં એકાન્ત માને કે જ્ઞાની રાગનો કે દુઃખનો કર્તા કે ભોક્તા નથી તે નયવિવક્ષાને સમજતો નહિ હોવાથી મિથ્યાદષ્ટિ છે. ૧૩.

*

એક દ્રવ્યની અંદર કોઈપણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ ભાસતું નથી. જ્ઞાન જ્ઞેયને જાણે છે એ તો જ્ઞાનની જાણવાની સ્વચ્છતાનું

સામર્થ્ય છે, તોપણ જ્ઞાનને અન્ય દ્રવ્યની સાથે સ્પર્શ હોવાની માન્યતાથી જગત આકુલિત થાય છે. જ્ઞાનમાં વીંછીનો ડંખ–કરડ ભાસે ત્યાં વીંછી મને કરડયો તેમ માની દુ:ખી થાય છે. જ્ઞાન રાગને જાણતા રાગમયપણે પોતાને માની આકુલિત થાય છે. જ્ઞાન રાગને કે અન્ય દ્રવ્યોને અડતું–સ્પર્શતું નથી. જ્ઞાન જ્ઞેયને જાણે એ તો જ્ઞાનની સ્વચ્છતાનું સામર્થ્ય છે. ૧૪.

*

શ્રોતા :—પર્યાય તે સમયની સત્ છે, નિશ્ચિત છે, ધ્રુવ છે, તેમ કહેવાનું શું પ્રયોજન છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પર્યાય ઉપરથી લક્ષ છોડી ધ્રુવ દ્રવ્ય તરફ ઢળવાનું પ્રયોજન છે. પર્યાય તે સમયની સત છે, નિશ્ચિત છે, ધ્રુવ છે, તેમ બતાવીને તેના ઉપરનું લક્ષ છોડાવી ધ્રુવ દ્રવ્ય ઉપર લક્ષ કરાવવાનું પ્રયોજન છે. પર્યાય નિશ્ચિત છે, ધ્રુવ છે એટલે પર્યાય તે સમયની સત્ હોવાથી આઘી-પાછી થઈ શકે તેમ નથી એમ જાણે તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય; દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યારે વીતરાગતા થાય. વીતરાગતા એ તાત્પર્ય છે. અરે! આવી વાતો કરોડો રૂપિયા દેતાં પણ મળે તેમ નથી. અહાહા! જે જાણતા વીતરાગતા થાય એની કિંમત શું? ૧૫.

*

પ્રવચનસારમાં કહે છે કે શુભ–અશુભ બન્ને ભાવ દુ:ખરૂપ છે. અશુભના ફળમાં નરક અને શુભના ફળમાં સ્વર્ગના ભોગ મળે પણ એ ભોગમાં લક્ષ જાય એ ભાવ પણ અશુભ હોવાથી દુ:ખ છે. તેથી અશુભનું ફળ નરક ને શુભનું ફળ સ્વર્ગ ત્યાં પણ દુ:ખ જ છે તો શુભ અશુભના ફળમાં ફેર કયાં રહ્યો? એ બન્ને દુ:ખના કારણ છે તો એ શુભને ઠીક કેમ કહેવાય? પ્રભુ! જેના ફળમાં દુ:ખ છે એવો શુભ તને રુચે છે કેમ? ૧૬.

*

એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે તો નહિ પણ અડે પણ નહિ. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય છે. આત્મા માત્ર જ્ઞાયક પરમાનંદ સ્વરૂપ છે. આ ભગવાન સર્વજ્ઞદેવનો દિવ્ય ધ્વનિનો

પોકાર છે. આવી અધ્યાત્મની સૂક્ષ્મ વસ્તુ આ કાળે જેને અંદરમાં રુચિને પરિણમી જાય છે એવા જીવોને એક-બે-ચાર ભવ જ હોય, વધુ હોય નહિ—એમ શાસ્ત્રમાં આવે છે. કેમકે આ કાળે કેવળી નથી, અવધિજ્ઞાની કે મન:પર્યયજ્ઞાની નથી, આશ્ચર્યના કારણો ઇન્દ્ર આદિ દેવનું આવવું થતું નથી, ચક્રવર્તી આદિ ચમત્કારિક કોઈ ચીજ નથી, છતાં આ અધ્યાત્મનું સૂક્ષ્મ તત્ત્વ અંદરમાં રુચિ જાય છે એના ભાવ વિશેષ છે. એથી એને ભવ વધુ હોય નહિ. ૧૭.

*

દરેક દ્રવ્યના પરિણામ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી જ થાય છે. બીજા દ્રવ્યનું બિલકુલ કાર્ય નથી. ધજા સ્થિર હતી ને એકદમ હલવા માંડી તે પવન આવ્યો માટે હલવા માંડી એમ નથી. પાણી ઠંડું હતું તેમાંથી એકદમ ગરમ થયું તે અગ્નિ આવી માટે ગરમ થયું છે એમ નથી, ચોખા કઠણ હતા અને તેમાંથી પોચા થયા તે પાણી આવ્યું માટે થયા છે એમ નથી. બાહ્યદૃષ્ટિથી જોનાર અજ્ઞાનીને નિમિત્ત દેખીને ભ્રમ પડે છે કે પાણી ઠંડું હતું ને ગરમ થયું તે નિમિત્ત આવ્યું માટે થયું છે, પણ એમ નથી. ઘેર બેઠો હતો ત્યારે અશુભ પરિણામ હતા ને મંદિરે ભગવાનના દર્શન કરવા આવ્યો ત્યાં શુભ પરિણામ થયા. આમ એકદમ અશુભમાંથી શુભ પરિણામ થયા તે નિમિત્તથી થયા એમ છે જ નહિ, પણ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી પોતાથી જ થયા છે. એક દ્રવ્યનું કાર્ય બીજું દ્રવ્ય બિલકુલ કરી શકતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું કે સ્પર્શ કરતું જ નથી તો એક દ્રવ્યને બીજું દ્રવ્ય કરે શું? આહાહા! આવી વસ્તુની સ્વતંત્રતા બેસી જાય તો એની દૃષ્ટિ બહારથી ખસીને અંદરમાં વળે. ૧૮.

*

અરે! આવી સત્યની વાત હતી જ ક્યાં? જેને આ સત્ય વાત સાંભળવા મળી છે તે ભાગ્યશાળી છે. સાંભળતાં સાંભળતાં સત્યના સંસ્કાર નાખે છે તેને સંસ્કાર નાખતાં નાખતાં અંદરથી માર્ગ થઈ જશે. દરરોજ ચાર પાંચ કલાક આનું આ સાંભળવું-વાંચવું હોય

તેને શુભભાવ એવા થાય કે મરીને સ્વર્ગમાં જાય, કોઈ જુગલીયા થાય, કોઈ મહાવિદેહમાં જાય. બાકી જેને સત્યનું સાંભળવાનું પણ નથી એવા ઘણા જીવો તો મરીને ઢોરમાં જવાના. અરે! આવા મનુષ્યના માંડ મોંઘા અવતાર મળે એમાં પોતાનું હિત નહિ કરે તો ક્યારે કરશે? ખરેખર તો સત્યનું ચાર પાંચ કલાક દરરોજ વાંચન-શ્રવણ આદિ હોવું જોઈએ. ભલેને વેપાર ધંધા કરતા હોય પણ આટલો તો વખત પોતાના માટે કાઢવો જોઈએ. આવા સત્યના સંસ્કાર લાગી જાય અને ઊંડાણમાં એ સંસ્કાર પડી જાય એને ભવ ઝાઝા હોય નહિ. અહીંના સાંભળનારા ઘણા તો રુચિથી આ સંસ્કાર ઊંડા નાખે...ધારણા જ્ઞાન થવું તે જુદી ચીજ છે. અંદરમાં અવ્યક્ત રુચિ થવી જોઈએ. ભેદજ્ઞાનના સંસ્કાર ઊંડાણથી નાખવા જોઈએ. એને આ વાતનો ઊંડાણથી મહિમા આવવો જોઈએ કે અહો! આ વાત કોઈ અપૂર્વ છે. એમ પોતાથી અંદરમાં મહિમા આવવો જોઈએ. સાચી રુચિવાળો આગળ વધતો જાય છે. ૧૯.

*

શ્રોતા :—દ્રવ્યમાં પર્યાય નથી તો પછી પર્યાયને ગૌણ કરાવવામાં કેમ આવે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દ્રવ્યમાં પર્યાય નથી પણ વર્તમાન પ્રગટ પર્યાય છે તે પર્યાય પર્યાયમાં છે. સર્વથા પર્યાય નથી જ તેમ નથી. પર્યાય છે તેની ઉપેક્ષા કરીને, ગૌણ કરીને, નથી તેમ કહીને, પર્યાયનું લક્ષ છોડાવી દ્રવ્યની દૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. તેથી દ્રવ્યને મુખ્ય કરી, ભૂતાર્થ છે તેનું લક્ષ ને દૃષ્ટિ કરાવવી છે ને પર્યાયની ઉપેક્ષા કરી, ગૌણ કરી, પર્યાય નથી, અસત્યાર્થ છે તેમ કહી તેનું લક્ષ છોડાવ્યું છે. પણ પર્યાય સર્વથા જ ન હોય તો ગૌણ કરવાનું પણ ક્યાં રહે છે? દ્રવ્ય ને પર્યાય બે થઈને આખું દ્રવ્ય તે પ્રમાણ–જ્ઞાનનો વિષય છે. ૨૦.

*

ધર્મ એવી સૂક્ષ્મ ચીજ છે કે એ વાત સાધારણ જીવને બેસે નહિ. જગતના સાધારણ જીવો કે જે વેપાર આદિના પાપના ધંધામાં પડ્યા હોય તેને આ સૂક્ષ્મ તત્ત્વ બેસે નહિ અને ધર્મના નામે પણ

ક્રિયાકાંડના આગ્રહમાં પડ્યા હોય એવા જીવને પણ આ ભગવાને કહેલું સૂક્ષ્મતત્ત્વ બેસે નહિ. માટે ભાઈ! તું વાદવિવાદ કોઈની સાથે કરીશ નહિ, કેમ કે તત્ત્વ સૂક્ષ્મ ચીજ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરે નહિ, દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય, એક પર્યાય બીજી પર્યાયને અડે નહિ, એક પરમાણુ બીજા પરમાણુને અડતું નથી એ વાત બાપદાદા કોઈએ સાંભળી નથી. એવી સૂક્ષ્મ વાત કેમ બેસે? ભગવાન તીર્થંકરદેવે છ દ્રવ્યો જોયા છે. તે દરેક દ્રવ્યની પર્યાય જે કાળે જે ક્ષેત્રે જે રૂપે થવાની તે થવાની જ છે—આવી સૂક્ષ્મ વાતો જગતના સાધારણ જીવોને બેસે એવી નથી, માટે કોઈની સાથે વાદવિવાદ કરીશ નહિ. તું સમજીને સમાઈ જા....... ૨૧.

*

સમ્યગ્દર્શનમાં અનંત પુરુષાર્થ છે. પાંચે સમવાય સાથે હોય છે. ક્રમબદ્ધના નિર્ણયમાં પણ અનંત પુરુષાર્થ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એવા નિર્ણયમાં પણ અનંત પુરુષાર્થ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એ વાત બહુ ઝીણી આવી ગઈ છે. ૨૨.

*

અહીં આચાર્યદેવ કરુણાપૂર્વક સંબોધે છે કે રે અંધ જીવ! શુદ્ધ પરમાનંદ ચૈતન્યમૂર્તિ તું પોતે છો તેને તો તું દેખતો નથી અને દયા-દાન-વ્રત-તપ આદિ પુણ્ય ભાવ કે હિંસા-જૂઠું આદિ પાપ ભાવ અને તેના ફળરૂપ અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રીમાં મૂર્છાઈને કેમ પડ્યો છે? અમૃતસ્વરૂપ ભગવાન એવો તું આ મૃતકકલેવરમાં મૂર્છાઈ ગયો છે. રે આંધળા! જે જાણવા લાયક છે એવા જાણનારને તું જોતો નથી કે જે તારું સ્વપદ છે અને જે અપદ છે, જે તારું સ્વરૂપ સર્વથા નથી એવા ચાર ગતિરૂપ મનુષ્ય આદિ પર્યાય, રાગાદિ અશુદ્ધ ભાવ તથા ઇન્દ્રિય વિષયજનિત સુખ-દુઃખની કલ્પનાને મારાં માનીને તું તારા ચૈતન્યસ્વરૂપને ઘાયલ કરી રહ્યો છે, પણ એ તારું રક્ષણ નથી, તારું લક્ષણ નથી, તારું એ સ્થાન નથી, એ તારો માર્ગ નથી માટે તે પંથે ન જા, ન જા બાપુ! એ પંથે ન જા

ભાઈ! એ તને ઘાયલ કરી નાખશે, માટે ત્યાંથી પાછો વળ ને આ માર્ગે આવ. જ્યાં રાગાદિ ભાવો નથી એવા શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય-સ્વભાવમાં આવ, આવ. અનિત્યમાંથી ખસી જા, ખસી જા ને નિત્યાનંદ પ્રભુ છે ત્યાં આવ, આવ, તને શાંતિ થશે ભાઈ! ૨૩.

•

આ દ્રવ્ય સ્વભાવના ઊંડા સંસ્કાર નાખે તેને કાર્ય થવાનું જ છે, જેમ અપ્રહિતપણે સમ્યગ્દર્શન થાય છે તેને ક્ષાયિક સમ્યક્ થવાનું જ છે. તેમ અંતરની સાક્ષીમાં હું જ્ઞાયક...જ્ઞાયક...છું, રાગાદિ તે હું નહીં—એમ સંસ્કાર નાખે તેને કાર્ય (સમ્યગ્દર્શન) થવાનું જ. ૨૪.

*

ક્યાંય વિરોધ જેવું હોય ત્યાં જવું ન જોઈએ અને કદાચ જવાનું થઈ જાય તો મૌન રહેવું જોઈએ. આ અંતરનો માર્ગ તો એવો છે કે સહન કરી લેવું જોઈએ. વિરોધમાં પડવું નહિ, પોતાનો ગોળ પોતે ચોરીથી અર્થાત્ છુપી રીતે ખાઈ લેવો જોઈએ, ફેંફેરો કરવા જેવો કાળ નથી. પોતાનું સંભાળી લેવા જેવું છે, વાદવિવાદમાં ઉતરવા જેવું નથી. ૨૫.

*

સંસારમાં સ્ત્રી-પુત્ર-ધંધા આદિનું લક્ષ કરતાં તો પાપ જ થશે. અને દેવ-ગુરુ-શાસ્ત્રનું લક્ષ કરવાથી પુણ્ય થશે. એ તો ઠીક પણ એક-રૂપ દ્રવ્યસામાન્ય ધ્રુવ છે તેમાં ગુણભેદનું લક્ષ કરવા જઈશ તોપણ તેના લક્ષે વિકલ્પ થશે, રાગ થશે. પ્રભુ એ રાગનું તને દુઃખ થશે અને ધ્રુવવસ્તુ સામાન્ય એકરૂપ ચૈતન્યસ્વભાવ છે તેનું લક્ષ કરતાં ભેદનું લક્ષ છૂટી જશે ને તને અતીન્દ્રિય આનંદ અનુભવાશે. આહાહા! ધ્રુવસ્વભાવના માહાત્મ્યનું શું કહેવું! સંતોએ ગજબ કામ કર્યાં છે. ૨૬.

*

અહો! જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય કેટલું છે! સામર્થ્ય કેવું છે! એનું જગતને ભાન નથી. આકાશના અનંતા પ્રદેશો છે તેમાં અહીંથી (કોઈ જગ્યાએથી) તેની ગણતરી કરતાં આકાશનો છેલ્લો પ્રદેશ કયો?

તેનો અંત છે જ નહિ. કાળના અનંત સમયો છે તેમાં વર્તમાન સમયથી ગણતાં કાળનો છેલ્લો સમય કયો? તેનો અંત છે જ નહિ. તેમ દ્રવ્યો અનંતા છે તેની ગણતરી કરતાં છેલ્લું દ્રવ્ય કયું? તેનો અંત છે જ નહિ. તેમ એક જીવ દ્રવ્યના જ્ઞાન-દર્શન આદિ ગુણ આકાશના પ્રદેશ કરતાં પણ અનંતગુણા છે, તેમાં છેલ્લો ગુણ કયો? તેનો અંત છે જ નહિ. આહાહા! ગજબ વાત છે. જ્ઞાનનો પર્યાય જ્ઞેયપ્રમાણ છે ને જ્ઞેય લોકાલોક છે. જેનો પાર નથી એવા અપાર અનંતાનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જ્ઞેય બનાવનારી એક સમયની જ્ઞાનપર્યાયનું સામર્થ્ય કેટલું? તાકાત કેટલી? એ એક સમયની પર્યાયમાં અનંતાનંત જ્ઞેય-પ્રમાણ જ્ઞાનની પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદ કેટલા? એનો છેલ્લો પ્રતિચ્છેદ કયો? આહાહા! ગજબ વાત છે. સિદ્ધ થાય તેની આદિ ગણાય પણ અંત નથી. સિદ્ધ થયા તેના ભવનો અંત-છેડો તો આવી ગયો પણ તેનો પહેલો ભવ કયો? અનાદિ છે, તેની શરૂઆત છે જ કયા? અંત વિનાના દ્રવ્યો છે તેનો અંત આવે કેમ? અંત વિનાનું ક્ષેત્ર છે તેનો અંત આવે કેમ? અંત વિનાનો કાળ છે તેનો અંત આવે કેમ? અંત વિનાના ભાવ છે તેનો અંત આવે કેમ? આહાહા! આટલા આટલા અનંતા જ્ઞેયો છે એને જાણનાર જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે. આવા અનંત પદાર્થોને શ્રુતજ્ઞાનમાં જ્ઞેય બનાવ્યા એની પર્યાયમાં વિષયોનો રસ રહી શકે નહિ. રાગ રહે પણ રાગનો રસ રહી શકે નહિ. આહાહા! આત્મવસ્તુ જ કોઈ એવી અદ્‌ભુત ચમત્કારિક છે કે એનું શું કહેવું ભાઈ! ૨૭.

*

શ્રોતા :-આત્માનો મહિમા કેવી રીતે આવે?

પૂજ્ય ગુરુદેવશ્રી :-આત્મા વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક છે તે અનંતગુણનો પિંડ છે, એ આખું પૂર્ણતત્ત્વ ત્રિકાળી અસ્તિરૂપ છે, એનું સ્વરૂપ, એનું સામર્થ્ય અગાધ ને આશ્ચર્યકારી છે, તેને સમજે તો આત્માનો મહિમા-માહાત્મ્ય આવે અને રાગનું માહાત્મ્ય છૂટી

જાય. આત્મવસ્તુ કેવા અસ્તિત્વવાળી છે, કેવા કેવા સામર્થ્યવાળી છે, એનું સ્વરૂપ રુચિપૂર્વક ખ્યાલમાં લ્યે તો એનું માહાત્મ્ય આવે ને રાગનું ને અલ્પજ્ઞતાનું માહાત્મ્ય છૂટી જાય. એક સમયની કેવળજ્ઞાનની પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણવાના સામર્થ્ય-વાળી છે તે પણ ક્ષણે ક્ષણે નવી નવી થાય છે તો તેને ધરનાર ત્રિકાળી દ્રવ્યનું સામર્થ્ય કેટલું? એમ આત્માના આશ્ચર્યકારી સ્વભાવને ખ્યાલમાં બરાબર લ્યે તો આત્માનો મહિમા આવે. ૨૮.

*

ભગવાન સૂત્રકર્તા આચાર્યદેવ કહે છે કે અનેક પ્રકારના શુભ વિકલ્પો કરવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ થતી નથી. કાર્યસિદ્ધિ તો અનંત અનંત આનંદના સાગર આત્મા તરફ જવાથી જ થાય છે. ત્યાં કેમ જતો નથી? અનેક પ્રકારના શુભ વિકલ્પોની ક્રિયામાં આગળ વધતો જાય છે તેમ સ્વાનુભવની કાર્યસિદ્ધિ કરવામાં ભ્રષ્ટ થાય છે. પહેલા આત્માનો નિર્ણય કરીને સ્વાનુભવનો પ્રયત્ન કરવો જોઈએ, એ ન કરતાં શુભ વિકલ્પમાં ને વિકલ્પમાં આગળ વધતો જાય છે તે સ્વાનુભવથી ભ્રષ્ટ થાય છે. અશુભમાં જવાની તો વાત છે જ નહિ. શ્રીમદ્ પણ કહે છે કે એકલું વાંચન કર્યા કરવાથી મનન શક્તિ ઘટે છે. તેમ એકલા શુભ વિકલ્પો ને ક્રિયાકાંડમાં વધતો જાય છે તેમ સ્વાનુભવથી ભ્રષ્ટ થતો જાય છે. સર્વ શાસ્ત્ર જાણવાનો સાર તો આત્માનો અનુભવ કરવો તે છે. બાર અંગમાં પણ આત્માનુભૂતિ કરવાનુ કહ્યું છે. ૨૯.

*

પાણી અગ્નિને અડયું છે ને?—ના; તો પાણી અગ્નિના સંગમાં ઉષ્ણ તો થયું છે ને? પાણી ઉષ્ણ થયું છે તે પોતાની પર્યાયની યોગ્યતાથી પોતાથી જ ઉષ્ણ થયું છે, અગ્નિના લઈને થયું નથી. પગ જમીન ઉપર રહેલો દેખાય છે ને? પણ તે પગ જમીનને અડયો નથી, જમીનના આધારે પગ રહ્યો નથી. પગ પગના પોતાના આધારે રહ્યો છે. આહાહા! ગજબ છે ને! દેખાય જમીનને આધારે ને છતાં

જમીનને અડતો નથી. જો પગ જમીનને અડે તો જમીન ને પગ એ એકરૂપ થવા જોઈએ. પણ તે બન્ને વસ્તુ ભિન્ન ભિન્ન છે. વસ્તુના દ્રવ્ય ગુણ-પર્યાયની સ્વતંત્રતા ચમત્કારિક છે. એક વસ્તુ બીજી વસ્તુને અડે કે કરે તો એ વસ્તુ જ રહે નહીં. ૩૦.

*

યોગ્યતા, કાળલબ્ધિ, ક્રમબદ્ધ આદિ બધાનું જ્ઞાન દ્રવ્યદષ્ટિ કરતાં સાચું થાય છે. રુચિ રાખે પરમાં અને ક્રમબદ્ધ ને કાળલબ્ધિ ઉપર નાખે ઈ ન ચાલે. પોપાબાઈનું રાજ નથી. ૩૧.

*

જેમ આકાશમાં અગ્નિના ભડકા બળતાં હોય છતાં આકાશને તેની સાથે કાંઈ સંબંધ નથી, તેમ શરીરમાં ગમે તેવા ગુમડાં થાય–ગમે તેવી અવસ્થા થાય તોપણ આકાશ સમાન આત્માને તેની સાથે કાંઈ સંબંધ નથી. ૩૨.

*

એકનો એક જુવાન દીકરો મરી જાય અને એને કેવો ઘા લાગી જાય છે? એમ એને ઘા લાગવો જોઈએ. રાગ અને સંયોગની આડમાં તું પોતે મરી જાય છે એનો તને ઘા લાગે છે કાંઈ? ૩૩.

*

આહાહા ! આકરું કામ છે બાપુ ! અંદરમાં વૈરાગ્ય ! વૈરાગ્ય !... આ બધું વિખરાઈ જશે. બહારનું તારામાં નથી ને તારે લઈને આવ્યું નથી. તારામાં ભ્રમણા આવી છે, તેનો નાશ કરવાનો આ કાળ છે. ૩૪.

*

વાંચવું સાંભળવું આદિ બહારથી બધું કરે પણ એનાથી શું ? એને પોતાથી અંદરથી હા આવવી જોઈએ કે રાગ તે હું નહિ અને જ્ઞાયકસ્વરૂપ ધ્રુવવસ્તુ તે જ હું એમ એના અસ્તિત્વની અંદરથી

હા આવે. હા એટલે સ્વભાવની પ્રતીત કરીને હા આવે ત્યારે એના કલ્યાણની શરૂઆત થાય. ૩૫.

*

ભાઈ! તું વિશ્વાસ લાવ કે મારા આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી વસ્તુ હું છું. ૩૬.

*

આહાહા! પોતે જ સર્વજ્ઞ સ્વરૂપ છે, પરિપૂર્ણ સ્વરૂપથી ભરેલો પોતે જ સર્વજ્ઞ સ્વભાવી છે. જ્ઞાન, આનંદ આદિ અનંત રત્નોથી ભરેલો રત્નાકર ભગવાન પોતે જ છે, એને અપૂર્ણ અલ્પજ્ઞ પર્યાયવાળો માનવો એ પણ મિથ્યાભ્રમ છે તો રાગને પોતાનો માને એ તો મિથ્યાદૃષ્ટિ છે જ. ૩૭.

*

બાહ્યવસ્તુ બંધનું કારણ નથી કેમ કે બાહ્યવસ્તુ પોતાની પર્યાયમાં અતદ્ભાવરૂપ છે તેથી તે બંધનું કારણ થતું નથી. કર્મ શરીરાદિ બાહ્યવસ્તુ પરદ્રવ્યો હોવાથી બંધનું કારણ નથી તેમ કહ્યું અને પહેલી ગાથામાં કહ્યું કે અનંત સિદ્ધોની તારી પર્યાયમાં સ્થાપના કરું છું. પણ અનંતા સિદ્ધો તો પરદ્રવ્ય છે ને? તારી પર્યાયમાં અતદ્ભાવરૂપ છે ને? તેનું સ્થાપન શી રીતે થશે? તો કહે છે કે તે અનંતા સિદ્ધો પર્યાયમાં ભલે અતદ્ભાવરૂપ હો પણ તે અનંતા સિદ્ધોની પ્રતીત પર્યાયમાં આવી જાય છે, તેથી અનંતા સિદ્ધોનું સ્થાપન કરવાનું કહ્યું છે. જેમ અધ્યવસાનનો ત્યાગ કરાવવા બાહ્યવસ્તુનો ત્યાગ કરાવવામાં આવે છે તેમ પોતાના સિદ્ધસ્વભાવનું પર્યાયમાં સ્થાપન કરાવવા માટે અનંતા સિદ્ધોનું સ્થાપન કરાવવામાં આવ્યું છે. જેમ બાહ્યવસ્તુ અધ્યવસાનનુ નિમિત્ત છે તેમ પોતાના સિદ્ધસ્વરૂપનું લક્ષ કરવામાં અનંતા સિદ્ધો નિમિત્ત છે. ૩૮.

*

પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં દ્રવ્યસ્વભાવ તો ત્રણે કાળે શુદ્ધ જ છે. આર્ત્ત ને રૌદ્ર ધ્યાનના ક્રૂર પરિણામો એ બધા પર્યાયમાં છે,

તે જ ક્ષણે ત્રિકાળી દ્રવ્ય તો શુદ્ધ જ છે. નિગોદના જીવને મહા રૌદ્ર ધ્યાનના તીવ્ર મલિન પરિણામ છે પણ તે પર્યાયમાં છે, તેનું દ્રવ્ય તો તે સમયે પણ શુદ્ધ જ છે. સંસારના પરિણામ તે પર્યાયમાં છે. ત્રિકાળી શુદ્ધ ભગવાન છે તે પર્યાયમાં કદી આવતો જ નથી. એવા ત્રિકાળી ભગવાન ઉપર દૃષ્ટિ કરતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે, તેને સમ્યગ્દર્શન કહે છે ૩૯.

*

માટીમય ઘડાને ઘીનો ઘડો કહેવું તે વ્યવહાર-કથન છે એટલે તે વ્યવહાર જૂઠો છે. કેમકે ઘડો ઘીમય નથી પણ માટીમય છે. તેમ દ્રવ્ય તે નિશ્ચય અને પર્યાય તે વ્યવહાર અને એ વ્યવહાર ઘીના ઘડાના વ્યવહારની જેમ જૂઠો છે તેમ નથી. કેમકે ઘડો ઘીમય નથી તેમ પર્યાય છે જ નહિ તેમ નથી. પર્યાય અસ્તિરૂપ છે. પર્યાયને વ્યવહાર કહી પણ તે નથી તેમ નથી. રાગ છે તે અસદ્‌ભૂત વ્યવહાર-નયનો વિષય છે અને નિર્મળ પર્યાય છે તે સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. એ પર્યાયોને અભૂતાર્થ કહી છે તેથી તે પર્યાયો છે જ નહિ ઘીના ઘડાની જેમ જૂઠી છે તેમ નથી. ક્ષાયિક આદિ ચાર ભાવોને પરદ્રવ્ય અને પરભાવ કહ્યા છે એથી એ પર્યાયો છે જ નહીં ને જૂઠી છે તેમ નથી. ઘડો કુંભારે કર્યો તેમ કહેવું જૂઠું છે, તેમ શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને વ્યવહાર કહ્યો તેથી તે પર્યાયો જૂઠાં છે તેમ નથી. જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ આદિ પર્યાયો તે પર્યાયનયનો વિષય છે, તે વ્યવહારનયે ભૂતાર્થ છે, પર્યાય નથી તેમ નથી. ઘીનો ઘડો નથી તેમ વ્યવહારનયનો વિષય-પર્યાય નથી જ તેમ નથી. દ્રવ્યાર્થિકનયથી પર્યાયને અભૂતાર્થ કહી તેથી પર્યાય છે જ નહિ તેમ નથી પણ નિશ્ચયની મુખ્યતાથી પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને ત્યાંથી દૃષ્ટિ છોડાવવાના પ્રયોજનથી તેમ કહ્યું છે, પણ તેથી પર્યાય સર્વથા છે જ નહિ તેમ નથી. ઘીનો ઘડો કહેવું તે જૂઠું છે તેમ બધોય વ્યવહાર ઘીના ઘડાની જેમ સર્વથા જૂઠો જ છે તેમ નથી. નયોના કથનને જ્યાં જેમ હોય તેમ સમજવું જોઈએ. જો બરાબર ન સમજે તો વિપરીતતા થઈ જાય. ૪૦.

*

નિર્વિકલ્પ થવાવાળો જીવ નિર્વિકલ્પ થયા પહેલાં આવો નિર્ણય કરે છે કે રાગાદિભાવે સદાય હું પરિણમનારો નથી પણ જ્ઞાન-દર્શનરૂપ પરિણમનારો છું. હજુ રાગાદિભાવો થશે એમ જાણે છે, છતાં તેના સ્વામીપણે હું થનાર નથી, મને ભવિષ્યમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થશે એવો મારો પ્રયત્ન છે છતાં તે વખતે રાગ હશે, પરંતુ તે રૂપે હું પરિણમનાર નથી તેવો નિર્ણય છે. નિર્ણય કરે છે પર્યાયમાં, પછી અનુભવ થશે પર્યાયમાં, પણ તે પર્યાય એવો નિર્ણય કરે છે કે હું તો ચિન્માત્ર અખંડ જ્યોતિસ્વરૂપ છું, પર્યાયરૂપ નથી. ૪૧.

*

જેને દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થઈ છે તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું જ નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી ભિન્ન ભાસે છે. દિવસે તો ભિન્ન ભાસે છે પણ રાત્રિમાં ઊંઘમાં પણ આત્મા નિરાળો જ ભાસે છે. સમ્યગ્દૃષ્ટિને ભૂમિકા અનુસાર બાહ્ય વર્તન હોય છે. પરંતુ બાહ્ય વર્તનમાં પણ કોઈ પણ સંયોગોમાં એની જ્ઞાન-વૈરાગ્ય શક્તિ કોઈ જુદા જ પ્રકારની રહે છે. બાહ્યથી ગમે તે પ્રસંગમાં સંયોગમાં—જોડાયેલો દેખાય તોપણ જ્ઞાયક તો જ્ઞાયકપણે જ ભાસે છે. વિભાવથી ભિન્ન નિઃશંક જ્ઞાયકપણે નિઃશંક ભાસે છે. આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ સ્વરૂપ-અનુભવમાં નિઃશંક વર્તે છે. જ્ઞાયક ઉપર ચડીને ઊર્ધ્વરૂપે બિરાજે છે, બીજા બધા નીચે રહે છે. ગમે તેવા શુભભાવો આવે, તીર્થંકર ગોત્રનો શુભભાવ આવે તોપણ તે નીચે જ રહે છે. દ્રવ્યદૃષ્ટિવંતને આવું અદ્‌ભુત જોર વર્તે છે. ૪૨.

*

અહો! આનંદનો દરિયો પોતાના અંતરમાં ઉછળે છે તેને તો જીવ દેખતો નથી ને તરણાં જેવા તુચ્છ વિકારને જ દેખે છે! અરે જીવો! આમ અંતરમાં નજર કરીને દરિયાને દેખો!...ચૈતન્યસમુદ્રમાં ડૂબકી મારો! ૪૩.

*

સૂર્યનો પ્રકાશ ને અંધારું એ બે વસ્તુ તદ્દન જુદા છે તેમ સહજાત્મસ્વભાવ તે એકલો જ્ઞાનસ્વભાવ છે, સૂર્ય સમાન છે ને દયા-દાન આદિનાં વિકલ્પો તે અંધકાર સમાન છે તેને જ્ઞાન-સૂર્યથી તદ્દન જુદાઈ છે. સહજાત્મસ્વરૂપ એટલે સ્વાભાવિક છે, અણુકરાએલી છે, અકૃતિમ છે એ સ્વભાવને અને રાગને એકતા ત્રણુકાળમાં નથી. શું થાય! કેવળીઓના વિરહ પડ્યા, અવધિજ્ઞાની પણ કોઈ રહ્યા નહિ જગતને ચમત્કાર લાગે તેવું કાંઈ રહ્યું નહિ. સત્યને સ્વીકારવું જગતને કઠણ પડે છે, આવું પરમ સત્ય સ્વીકારનાર પણ મહાભાગ્યશાળી છે. ૪૪.

*

કોઈને ફાંસીનો ઓર્ડર થયો હોય અને ફાંસી આપવાની રૂમમાં લઈ જાય અને પછી કેવો ધ્રુજવા માંડે! તેમ સંસારના દુ:ખથી જેને ત્રાસ ત્રાસ થઈ ગયો હોય એને માટે આ વાત છે. ૪૫.

*

મિથ્યાદષ્ટિ જીવ, વિકારનો કર્તા પુદ્ગલ-કર્મ આદિ નિમિત્ત છે તેમ માને છે. તેને કહે છે કે વિકારનો કર્તા પુદ્ગલકર્મ નથી પણ અજ્ઞાની જીવ પોતે જ વિકારનો કર્તા છે. બીજી બાજુ કહે કે સમ્યગ્દષ્ટિ જીવ વિકારનો કર્તા નથી પણ પુદ્ગલકર્મ તેનો કર્તા છે. ત્યાં સમ્યગ્દષ્ટિ વિકારનો સ્વામી ન હોવાથી અને વિકાર પુદ્ગલના લક્ષે થતો હોવાથી પુદ્ગલકર્મને તેનો કર્તા કહ્યું છે. વળી એમ પણ કહે છે કે સમ્યગ્દષ્ટિ વિકારનો કર્તા પણ છે ત્યાં વિકારનું પરિણમન છે તે પોતાનું છે એથી પર્યાયના દોષનું જ્ઞાન કરાવવા કહ્યું છે. વળી કોઈ શાસ્ત્રમાં એમ પણ આવે છે કે વિકાર તે જીવનું એકલાનું કાર્ય નથી પણ જીવ અને કર્મ બન્ને ભેગા મળીને વિકાર થયો છે, જેમ પુત્રની ઉત્પત્તિ એ માતા-પિતા બન્નેનું કાર્ય છે. ત્યાં એમ કહેવું છે કે વિકાર જીવનો છે પણ કર્મના લક્ષે થયો છે—એમ ઉપાદાન–નિમિત્તનું પ્રમાણજ્ઞાન કરાવવાનું કથન છે. જ્યાં જે અપેક્ષાથી કહ્યું હોય ત્યાં તેમ સમજવું જોઈએ. ૪૬.

*

આહાહા! પર્યાય દૃષ્ટિવાળો ક્યાં જાશે? સંયોગમાંથી તેને છૂટવું ગમતું નથી તેથી કીડી, કાગડા, કંથવા, નરકાદિ ગતિઓના સંયોગમાં ચાલ્યો જશે. સ્વભાવદૃષ્ટિવાળાને સંયોગ રુચતો નથી તેથી સર્વ સંગથી છૂટીને મુક્ત થઈ જશે. ૪૭.

*

બાળકો! જુઓ ભાઈ! હું તમને બાળક માનતો નથી, ભગવાન સ્વરૂપ માનું છું. આત્મા તો ભગવાન સ્વરૂપ છે, બાળક આદિ તો શરીરની અવસ્થા છે ને રાગ થાય છે તે ક્ષણિક વિકારી અવસ્થા છે, તેની પાછળ શક્તિમાં ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપે બિરાજે છે. અંદરમાં પૂર્ણાનંદનો નાથ ભગવાન સ્વરૂપે બિરાજે છે. તેનું ધ્યાન કરતાં પર્યાયમાં ભગવાન પ્રગટ થાય છે. પ્રાપ્યની પ્રાપ્તિ હોય છે. આવા ચૈતન્ય ભગવાનનું સ્વરૂપ સાંભળતાં સાંભળતાં એની રુચિમાં સત્યના સંસ્કાર પડતા જાય છે ને પછી તે સંસ્કાર વધતા વધતા બહાર આવશે. જેમ કોરા માટીના ઘડામાં પાણીના ટીપાં પડે છે તે પહેલાં દેખાય નહિ પણ વધુ પડતાં પડતાં ઘડામાં પાણી બહાર દેખાય છે તેમ.

(બાળકો પ્રતિ પૂજ્ય ગુરુદેવશ્રીના ઉદ્‌ગારો) ૪૮.

*

ચોમાસામાં આ લીલફૂગના ગોદડા (-થર) દેખીએ છીએ ત્યાં એમ થાય છે કે અરે? આ લીલફૂગની એક જીણી કટકીમાં અસંખ્ય શરીરો છે અને એક શરીરમાં અનંતા જીવો છે. એના અનંતમાં ભાગે જીવ બહાર નીકળી મોક્ષ જાય છે. બે ઇન્દ્રિય, ત્રે ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય અને પંચેન્દ્રિય મનુષ્ય, ઢોર, નારકી ને દેવ એ ચાર ગતિના જીવો તો માત્ર અસંખ્યતા જ છે. તેના કરતાં અનંતા જીવો નિગોદની એક કટકીમાં છે. અરેરે! એ જીવો ક્યારે નિગોદમાંથી બહાર નીકળે? અને ક્યારે મનુષ્ય થાય? અને ક્યારે આ સત્યનું શ્રવણ કરે! ભાઈ! આ મનુષ્ય ભવ ને દુર્લભ સત્‌સમાગમ મળ્યો છે તો તારા આત્માને ચારગતિના દુઃખથી છોડાવી લે. ૪૯.

*

જે રીતે પર્યાય દ્રવ્ય તરફ ઢળે એ રીતે વાંચન, વિચાર, મનન, શ્રવણ બધું કરવું જોઈએ. મૂળ પ્રયોજન તો દ્રવ્ય તરફ ઢળવું એ જ છે. ૫૦.

*

પ્રભુ! તું સર્વને જાણનાર દેખનાર સ્વરૂપે પૂરો છો ને! પણ તારા પૂર્ણ સ્વરૂપને નહિ જાણતાં એકલા જ્ઞેયને જાણવા-દેખવા રોકાઈ ગયો તે તારો અપરાધ છે. પુણ્ય-પાપના ભાવને કરવા અને જાણવા દેખવાના સ્વભાવને ભૂલી ગયો તે તારો અપરાધ છે. પુણ્ય-પાપ એ જ અને એટલું જ મારું જ્ઞેય છે એમ માનીને તેને જ જાણવામાં રોકાઈ ગયો ને પોતાના પૂરણ જાણવાના સ્વભાવને ભૂલી ગયો એ તારો અપરાધ છે. કર્મના કારણે તારા પૂરણ સ્વભાવને જાણતો નથી એમ નથી, પણ એ તારો પોતાનો જ અપરાધ છે. ૫૧.

*

હું બીજા જીવને મારી શકું છું, જીવાડી શકું છું, બીજા જીવોને ખાવાની સગવડતા આપી સુખી કરી શકું છું અથવા બીજા જીવોને અગવડતા આપીને દુઃખી કરી શકું છું એ માન્યતા મહા પાપ દૃષ્ટિની છે. એક તણખલાના બે કટકા કરી શકું છું, હાથની આંગળી હલાવી શકું છું, વાણી બોલી શકું છું, રોટલીનો ટુકડો કરી શકું છું-એમ પરદ્રવ્યની ક્રિયાનો કર્તા હું છું એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. એવા જીવો, ત્રૈલોકયમાં કાંઈ બાકી નથી એવા બધા પદાર્થોને હું કરી શકું છું તેવી માન્યતાથી મિથ્યાત્વરૂપ મોટા પાપને બાંધે છે. કેમકે અજ્ઞાનમાં જગતની કોઈપણ વસ્તુને તે પોતાની માન્યા વિના રહેતો નથી. ૫૨.

*

એક સમયની નિર્મળ પર્યાય જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે તેને રત્નત્રય કહ્યું છે તો તેનું ફળ જે કેવળજ્ઞાનપર્યાય તે મહારત્ન છે અને જ્ઞાનગુણની એક સમયની તે પર્યાય તે મહા-રત્ન છે તો તેવી અનંત અનંત પર્યાયનો ધરનાર જ્ઞાનગુણ તે મહા

મહારત્ન છે. એવા જ્ઞાન-આનંદ આદિ અનંતા ગુણોરૂપ મહા મહા રત્નોનો ધરનાર આત્મદ્રવ્ય એ તો મહા રત્નોથી ભરેલો સાગર છે, એના મહિમાનું શું કહેવું? અહો! એનો મહિમા વચનાતીત છે. એ અપાર અપાર મહિમા અનુભવગમ્ય જ છે. આવા સ્વભાવનો વિશ્વાસ ને દૃષ્ટિ કરે તો ખબર પડે. ૫૩.

*

અગીયાર અંગ ને નવપૂર્વની લબ્ધિ થાય એ જ્ઞાન પણ ખંડ ખંડ જ્ઞાન છે, આત્માનું જ્ઞાન નથી. આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે, ઇન્દ્રિયજ્ઞાન તે આત્મા નહિ. આંખથી હજારો શાસ્ત્રો વાંચ્યા કે કાનથી સાંભળ્યા તે ઇન્દ્રિયજ્ઞાન છે, આત્મજ્ઞાન નથી. આત્મા અતીન્દ્રિય-જ્ઞાનથી જાણનારો છે, ઇન્દ્રિયજ્ઞાનથી જાણે તે આત્મા નહિ. આત્માને જાણતા જે આનંદનો સ્વાદ આવે છે તે સ્વાદ ઇન્દ્રિયજ્ઞાનથી આવતો નથી તેથી ઇન્દ્રિયજ્ઞાન તે આત્મા નહિ. ૫૪.

*

આચાર્યદેવ કરુણા કરીને કહે છે કે હે આંધળા! તને વેપારના ચોપડા આદિ અનેક કળાનું બધું જાણપણું છે અને તારા સુખનું નિધાન તારી વસ્તુનું તને જ્ઞાન નહિ! તું આંધળો છો! તું સ્વયં જ્યોતિરૂપ છો, સુખનું ધામ છો, તેનું તને જ્ઞાન નહિ, ભાન નહિ, શ્રદ્ધા નહિ અને દુઃખના કારણભૂત બાહ્ય પદાર્થનું જ્ઞાન. આહાહા! કેવી વાત છે! ૫૫.

*

ભગવાનની મૂર્તિની જેમ ભગવાનના આગમનું બહુમાન જોઈએ. આગમ એ મુનિઓનો અક્ષરદેહ છે. ૫૬.

*

અહો! કેવળજ્ઞાન લેવામાં કેટલી ધીરજ! કેટલી ધીરજ, ક્ષમા અને સમતા હોય, ત્યારે કેવળજ્ઞાન થાય! નીચે પણ કેટલો નિશ્ચિંત હોય! કેટલી ધીરજ હોય! દ્રવ્યને પહોંચવામાં કેટલી ધીરજ હોય

ત્યારે પહોંચી શકે છે. બહારથી બહેરો, બહારથી મૂંગો અને બહારથી આંધળો થઈ જાય છે. ૫૭.

*

આહાહા! ક્ષણમાં અનેક પ્રકારના વિચિત્ર રોગો થઈ જાય એવું શરીર છે, ક્યાં શરીર ને ક્યાં આત્મા! એને શેઢે કે સીમાડે મેળ નથી. આહાહા! આવો દુર્લભ મનુષ્ય દેહ મળ્યો છે ને આવો વીતરાગનો માર્ગ મહા ભાગ્યે મળ્યો છે તેણે મનનો ઘણો ઘણો બોજો ઘટાડીને આત્માને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પાંચ ઇન્દ્રિયના વલણવાળો બોજો ઘટાડીને આત્માને ઓળખવાના વિચારમાં રોકાવું જોઈએ. અંદર અનંત આનંદ આદિ સ્વભાવો ભર્યા છે, એવા સ્વભાવનો મહિમા આવે એને અંદર પુરુષાર્થ ઉપડ્યા વિના રહે જ નહિ. ૫૮.

*

એક વિચાર આવ્યો હતો કે સરકારી નોકરોને ૫૫–૫૬ વર્ષે નોકરીથી ઉતારી દે છે તો આ શેઠીયાઓને એવો કોઈ કાયદો નહિ હોય કે ૫૫–૫૬ વર્ષે ધંધાથી છૂટા થઈને પોતાના આત્માનું કાંઈક હિત કરે? આહાહા! રોટલા ખૂટે એમ ન હોય, પાછળ પૈસાનો પાર ન હોય છતાં પણ નિવૃત્તિ લઈને પોતાના આત્માનું કાંઈ હિત કરતા નથી, તેને મરીને ક્યાં જવું છે? અરે! ૬૦–૭૦ વર્ષ સુધી નવરાં થતાં નથી તો મરીને ક્યાં જવું છે? અરે! મમતાના પરિણામમાં મરીને તિર્યંચ બકરી આદિના પેટે અવતાર થશે!

શ્રીમદ્ રાજચંદ્ર તો કહે છે કે મુમુક્ષુઓને આજીવિકા પૂરતું મળતું હોય તો વિશેષ પ્રવૃત્તિ ન કરવી; આ તો રોટલા મળતા હોય તોય માથે પોટલા બાંધે! અરેરે! જવું છે ક્યાં? જીવન થોડું ને આ શું કરો છો ભાઈ! આવો મનુષ્ય ભવ મળ્યો છે ને આવા સત્ સમજવાના ટાણા છે તો ચાર–છ–આઠ કલાક વાંચન–શ્રવણ–મનન સત્સમાગમ કરીને તારા આત્માનું કાંઈ હિત કરીને માનવ-ભવ સફળ કર. ૫૯.

*

આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવા સમર્થ નથી. ગમે તેવા આકરાં પ્રસંગો આવી પડે, દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો આકરો રોગ થઈ ગયો હોય, ક્ષુધા-તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરા પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટી જીભથી કોટી વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહિ એવી આકરી નરકની પીડા છે. છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દયે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ! તારું તત્ત્વ હાજરાહજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિ પ્રગટ કરી શકાય છે. ૬૦.

*

અરે પ્રભુ! તારું કદી મરણ જ થતું નથી ને કેમ ડરે છે? અતીન્દ્રિય આનંદમાં જા! પ્રભુ! તારે શરીર જ નથી ને રોગથી કેમ ડરે છે? જન્મ જરા ને રોગ રહિત ભગવાન આત્મા છે ત્યાં જા!-એમ જિનવર, જિનવાણી અને ગુરુ કહે છે. તું જન્મ, જરા, મરણ રહિત પ્રભુ છો ત્યાં દૃષ્ટિ દે! તારે જન્મ, જરા, મરણ રહિત થવું હોય તો જન્મ, જરા, મરણ રહિત ભગવાન અંદર બિરાજે છે ત્યાં જા! ત્યાં દૃષ્ટિ દઈને ઠર! ૬૧.

*

સ્વાનુભૂતિના કાળે અનંત ગુણસાગર આત્મા પોતાના જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે. આહાહા! ઇન્દ્રના ઇન્દ્રાસનમાં પણ જેની ગંધ નથી એવા આનંદથી રમતો પ્રગટ થાય છે. અનુભૂતિના આનંદની દશા

કોઈ અદ્ભુત છે. વચનાતીત છે. આવી દશા પ્રગટ થતા આખું જીવન પલટી જાય છે. રાગ અને કષાયના વેદનનું જીવન હતું તેનાથી રહિત ભગવાન આત્માના આનંદનું વેદન આવ્યું એ દશાનું જીવન અદ્ભુત છે. દુઃખની દશાનું જીવન હતું તે પલટીને આનંદ ને શાંતિનું જીવન થઈ જાય છે. આનંદમય અનુભૂતિમાં બાર અંગનો સાર આવી જાય છે. ૬૨.

*

લાકડાનો ભારો વેચનાર તેની કિંમત બે રૂપિયા કહે ને લેનાર આઠ આને માગે તો ભારાવાળો કહે કે તેં ભારો લીધો! લીધો! હાલ તો થા! તેમ અહીં પુણ્યથી ધર્મ લેવા નીકળનારને ભગવાન કહે છે કે તેં ધર્મ કર્યો! કર્યો! હાલ તો થા! આત્માની પૂરી કિંમત આંકનારને (આપનારને) આત્મામાં ધર્મ પ્રગટ થાય છે. ૬૩.

*

...આ શરીરના ચાળા જુઓ! નિરોગ શરીર ક્ષણમાં રોગ રૂપે પરિણમી જાય છે. શરીરના રજકણો જે કાળે જેમ થવાના હોય તેમ થવાના જ, એમાં કોણ ફેરફાર કરી શકે? શરીરના પરમાણુને કેમ રહેવું એનું તારે કામ શું છે? તારે કેમ રહેવું તેનું તું સંભાળને! ૬૪.

*

કોઈ આકરી પ્રતિકૂળતા આવી પડે, કોઈ આકરાં કઠોર મર્મ-છેદક વચન કહે તો શીઘ્ર દેહમાં સ્થિત પરમાનંદ સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરીને દેહનું લક્ષ છોડી દેવું. સમતાભાવ કરવો. ૬૫.

*

શાસ્ત્રમાં શુભરાગને અશુચિ કહ્યો છે. આહાહા! શરીરની અશુચિ તો ક્યાંય રહી ગઈ! અહીં તો શુભરાગના વ્યવહાર તેને પણ અશુચિ કહે છે. ૬૬.

*

સમ્યગ્દૃષ્ટિ એમ જાણે છે કે શુદ્ધ નિશ્ચયનયથી હું મોહ–રાગ–દ્વેષ રહિત શુદ્ધ છું. એથી સમ્યગ્દૃષ્ટિને એમ હોતું નથી કે શુભ ને અશુભ બન્ને સરખા છે માટે અશુભ ભલે આવે? સમ્યગ્દૃષ્ટિ અશુભથી છૂટવા વાંચન, શ્રવણ, વિચાર, ભક્તિ આદિ કરે છે. પ્રયત્નથી પણ અશુભ છોડી શુભ કરો એમ શાસ્ત્રમાં ઉપદેશ આવે છે. શુભ ને અશુભ પરમાર્થે સરખા છે તોપણ પોતાની ભૂમિકા પ્રમાણે અશુભ કરતાં શુભમાં રહેવાનો વિવેક હોય છે અને તેવો વિકલ્પ પણ આવે છે. ૬૭.

*

સ્વસમય અને પરસમય સાથે વાદ-વિવાદ કરવાયોગ્ય નથી. તું તારા આત્માનો અનુભવ કર. પરની સાથે વાદ-વિવાદમાં પડવા જેવું નથી. નિધાન પામીને નિજ વતનમાં જઈ ભોગવવા કહ્યું છે માટે પોતાની નિધિ પામી પોતે એકલા ભોગવવા જેવું છે. ૬૮.

*

અરે બાપુ! ચોરાશીના અવતારમાં ભવ-ભ્રમણના દુઃખો, એ તારા મિથ્યાત્વ ભાવના લઈને છે. એને છેદવા પરિપૂર્ણ પ્રભુનો આશ્રય લેવાનો છે. એ પ્રભુનો તને વિશ્વાસ ન આવે–ભરોંસો ન આવે તો ચોરાશીના અવતારમાં રખડવું પડશે. ૬૯.

*

અહો! અનંતકાળમાં આ વાત અમે સાંભળી નથી—એમ પ્રસન્ન ચિત્તથી જ્ઞાનસ્વભાવની વાત અંદરથી સાંભળે, રુચિની ગુલાંટ મારીને સાંભળે તેને ભવિષ્યમાં મુક્તિ થવાની જ છે. અહો! એને પક્ષ પાકો થઈ ગયો એ ફરશે જ નહિ. તે જરૂર મોક્ષમાં જાય છે. એને તો આ કાળ ને આ યોગ જ વિશેષ ભાસે છે. ૭૦.

*

અહો! અતીન્દ્રિય આનંદનો નાથ મારે હાથ આવ્યો, અતીન્દ્રિય આનંદની ભરતી આવી, અતીન્દ્રિય આનંદમાં રહેનારો

હું એવા મને અન્ય પરિગ્રહથી શું કામ છે? અતીન્દ્રય આનંદના વેદન પાસે શુભરાગના દુઃખનું મારે શું કામ છે? દયા-દાન-વ્રતાદિના બાહ્ય વિકલ્પોથી મારે શું કામ છે? આ જીવ છે, આ જડ છે, આ વ્રતાદિના વિકલ્પો છે, આ ગુણભેદ છે-એવા વિકલ્પોનું મારે શું કામ છે? મારા દુઃખનો નાશ અને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ એ જ મારી કાર્યસિદ્ધિ છે. શુદ્ધ જીવવસ્તુનો અનુભવ એ ચૈતન્ય ચિંતામણિ-રત્ન છે, એની પ્રાપ્તિ થયા પછી અન્ય વિકલ્પાદિ પરિગ્રહથી મારે શું કામ છે? એમ સમ્યગ્દષ્ટિ અંદરમાં દેખે છે. ૭૧.

*

આત્મા શું છે? રાગ શું છે? હું કાયમી ટકનાર ચીજ કેવી છું? વિગેરે અભ્યાસ કરી, જ્ઞાન કરી, રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરવો એ પહેલી વસ્તુ છે. આત્માને જાણ્યા વિનાના એના ક્રિયાકાંડ બધા રણમાં પોક મૂકવા સમાન છે. આત્મા અંદર આનંદ સ્વરૂપ ભગવાન ચૈતન્યતેજનો પૂંજ પ્રભુ છે. તેનું જ્ઞાન ન હોય, અંદર દશાનું વેદન ન હોય ત્યાં સુધી એના ક્રિયાકાંડ બધાં જૂઠા છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન હોવો જોઈએ. ૭૨.

*

જુઓને ક્ષણમાં દેહ છૂટી જાય છે ને બધું બદલી જાય. આહાહા! વૈરાગ્ય...વૈરાગ્ય...વૈરાગ્ય...આખી દુનિયા પ્રત્યે વૈરાગ્ય.... વિકલ્પથી માંડીને આખી દુનિયા પ્રત્યે વૈરાગ્ય....પ્રભુ! તારે પરદ્રવ્યની સાથે સંબંધ શું છે? તારે ધ્યાન ક્યાં રાખવું છે? અંદર તારું ધ્યાન રાખવું છે કે તારાથી કાંઈ થઈ શકે નહિ એવા તારા શરીરનું ધ્યાન રાખવું છે? પુણ્ય-પાપના ભાવથી પણ વિરક્ત થાય તેને વૈરાગ્ય કહે છે. ૭૩.

*

શ્રોતા :—ભૂતકાળના દુઃખોને યાદ શું કામ કરવા?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એવા દુઃખો ફરી ન આવે એ માટે યાદ

કરી વૈરાગ્ય કરે છે. મુનિરાજ પણ ભૂતકાળના દુઃખોને યાદ કરીને કહે છે કે હું ભૂતકાળના દુઃખોને યાદ કરું છું ત્યાં કાળજામાં ઘા વાગે છે. જુઓ! સમ્યગ્દૃષ્ટિ મુનિ છે, આનંદનું પ્રચુર વેદન છે, છતાં ભૂતકાળના દુઃખોને યાદ કરી એવા દુઃખો ફરીને ન આવે એ માટે વૈરાગ્ય વધારે છે. ૭૪.

*

જ્યારે સ્ત્રીનો ધણી મરી જાય ને રાંડે છે ત્યારે દુનિયા તે સ્ત્રીને દુઃખાણી કહે છે પણ ખરેખર તે સ્ત્રી દુઃખાણી નથી પણ તેને આત્માનું હિત કરવા નિવૃત્તિ મળી છે. અહીં દુઃખાણી એટલે દુઃખીયા એને કહે છે કે જે રાગમાં અને પુણ્ય-પાપના ભાવમાં એકતા માની આનંદકંદ સ્વભાવ છે તેને ભૂલી ગયો છે તે ખરેખર દુઃખાણો એટલે દુઃખીયો છે; જગતથી ભગવાનનો માર્ગ જુદો છે. ૭૫.

*

બે નય પરસ્પર વિરોધી છે, જો તે એક હોય તો બે નય રહેતી નથી. વ્યવહારનય નથી એમ નથી, પણ વ્યવહારથી લાભ થાય તો નિશ્ચયનય રહેતો નથી. પાણી ગરમ થાય છે તેમાં અગ્નિ નિમિત્ત નથી તેમ નથી, પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય તો ઉપાદાન રહેતું નથી. નિશ્ચયની સાથે વ્યવહાર હોતો નથી તેમ નથી, પણ વ્યવહારથી નિશ્ચય થાય તો નિશ્ચય રહેતો નથી. ઉપાદાનના કાર્ય કાળે નિમિત્ત હોય છે પણ નિમિત્તથી ઉપાદાનમાં કાય થતું નથી. આવી વસ્તુની સ્થિતિ છે. ૭૬.

*

ભગવાન આનંદનો નાથ ચૈતન્યચક્રવર્તી છે પણ પોતાને ભૂલી ગયો છે ને ભીખારી થઈને પર પાસે ભીખ માગે છે. પૈસા લાવ! બાયડી લાવ! આબરૂં લાવ! નિરોગતા લાવ! એમ માંગણ થઈને માંગ્યાં કરે છે, પણ પોતાની જ અંદર આનંદ ભર્યો છે એની સામું નજર નાખતો નથી, તેથી ચારગતિના દુઃખોને ભોગવે છે. શુભરાગ ને અશુભરાગની વાસના તે ઝેર વાસના છે. જ્યાં આનંદનો

નાથ છે ત્યાં નજર કરતો નથી ને જ્યાં નથી આનંદ ત્યાં વલખાં મારે છે. ૭૭.

*

હે ભગવાન! આપે જે ચૈતન્યનો ભંડાર ખોલી દીધો છે તેની પાસે કોણ એવો હોય કે જેને ચક્રવર્તીનો વૈભવ પણ તરણા જેવો ન લાગે? અહા! અંતર અવલોકનમાં અમૃતરસ ઝરે છે અને બહારના અવલોકનમાં તો ઝેર અનુભવાય છે. ૭૮.

*

હમણાં તો મોટર–ટ્રેઈન–પ્લેન આદિના અકસ્માતથી કેટલાય માણસો મરી ગયાનું સંભળાય છે. આંખ ખૂલે ને સ્વપ્ન ચાલ્યું જાય તેમ દેહ અને ભવ ક્ષણમાં ચાલ્યો જાય છે. હાર્ટફેઈલ થતાં ક્ષણમાં નાની–નાની ઉંમરમાં ચાલ્યા જાય છે. અરે! આ સં...સા...ર! નરકમાં અનાજનો દાણો ન મળે, પાણીનો બિંદુ ન મળે ને પ્રતિકૂળતાનો પાર નહિ એવી સ્થિતિમાં અનંતવાર ગયો પણ ત્યાંથી નીકળ્યો ત્યાં બધું ભૂલી ગયો. એનો જરા વિચાર કરે તો એ બધા દુઃખથી છૂટવાનો રસ્તો શોધે. અહા! આવો માનવભવ મળ્યો છે અને આવું સત્ય સમજવાનો જોગ મળ્યો છે એમાં પોતાના આત્માનું હિત કરી લેવા જેવું છે. ૭૯.

*

ભાઈ! સમ્યગ્દૃષ્ટિના અંતરના તળીયા તપાસવા બહુ કઠણ છે. ધર્મી જીવને ચક્રવર્તીના રાજ્ય હોય, લડાઈમાં પણ ઊભા હોય, પણ આત્માના આનંદથી રાગ ભિન્ન પડી ગયો છે, રાગાદિ પરિગ્રહમાં ભેદબુદ્ધિ થઈ ગઈ છે, ભલે તેને વિષય સામગ્રી હો, એનો ભોગ પણ હો. સમ્યગ્દૃષ્ટિને પુણ્ય વિશેષ હોય છે, પુણ્યના ઢગલા હોય છે, સ્ત્રી–પુત્રાદિમાં પુણ્યના ઢગલા દેખાય શરીર વૈભવ આદિમાં પુણ્યના ઢગલા દેખાય પણ સમ્યગ્દૃષ્ટિને તેમાં એકત્વબુદ્ધિ છૂટી ગઈ છે, ચૈતન્યનો અતીન્દ્રિય આનંદ એની નજરમાં દેખાય છે. આનંદનો સાગર ઉછળી રહ્યો છે, આનંદની ભરતી આવે છે એવા સમ્યગ્દૃષ્ટિને

ભોગ સામગ્રીમાં જરી આસક્તિ દેખાય છે—થાય છે છતાં તેનો અભિપ્રાયમાં સ્વીકાર નથી, સુખબુદ્ધિ નથી. ભોગ ભુજંગ સમાન લાગે છે, કાળા નાગ સમાન લાગે છે. ૮૦.

*

આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. જેમ બરફ શીતળતાની મોટી પાટ છે તેમ આત્મા શીતળતાની મોટી પાટ છે, અનંત અનંત અતીન્દ્રિય આનંદની મોટી પાટ છે, અનંત સર્વજ્ઞતાની મોટી પાટ છે, આત્મા એટલે અનંતી પ્રભુતાની મોટી પાટ છે, અનંતી વિભૂતાની મોટી પાટ છે, એમ અનંત અનંત ગુણોની પૂર્ણાનંદથી ભરેલી મોટી પાટ છે. વસ્તુ છે તે સદાકાળ એવી ને એવી જ રહી છે, ભલે નરક નિગોદ આદિના અનંતા ભવો કર્યા છતાં વસ્તુ જ્ઞાનાનંદસ્વરૂપ એ તો સદાકાળ એવી ને એવી રહી છે. એનો અંદરમાં વિશ્વાસ આવવો જોઈએ. ૮૧.

*

આત્મા અજાયબઘર છે. એમાં જ્ઞાન ને આનંદના અનંત ઓરડા ભર્યા છે કે જેમાંથી જ્ઞાન ને આનંદ કાઢ્યા જ કરે તોપણ ખૂટે નહિ એવો અજાયબ ઘર આત્મા છે, એનો અંતરથી મહિમા...મહિમા આવવો જોઈએ. ૮૨.

*

આત્માને સદાય ઊર્ધ્વ એટલે મુખ્ય રાખવો. ગમે તે પ્રસંગ આવે પણ દ્રવ્યસ્વભાવને મુખ્ય રાખવો. શુભાશુભ પરિણામ આવે ભલે, પણ કાયમ દ્રવ્યસ્વભાવનું ધ્યેય રાખવું. આત્માને મુખ્ય રાખતાં જે દશા થાય તે નિર્મળદશાને સાધન કહેવાય છે ને તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે ને તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે. કષાયની મંદતા કે જ્ઞાનના ઉઘાડની મુખ્યતા હશે તેની દૃષ્ટિ સંયોગ ઉપર જશે. આત્માની ઊર્ધ્વતાની રુચિ ને જિજ્ઞાસા હોય તેનો પ્રયાસ થયા વિના રહે જ નહિ, આત્માના અનુભવ પહેલાં પણ સાચી જિજ્ઞાસા હોય તેને અવ્યક્તપણે આત્માની ઊર્ધ્વતા હોય. હજુ આત્મા જાણવામાં

આવ્યો નથી પણ અવ્યક્તપણે ઊર્ધ્વતા થાય અને અનુભવમાં આવે ત્યારે વ્યક્ત પ્રગટ ઊર્ધ્વતા થાય. ૮૩.

*

જૈન એટલે અંતરમાં સમાય તે જૈન છે. બહારના જેટલા ઊભરા આવે એ તો બધા પ્રકૃતિના ચાળા છે. વિકલ્પ ઊઠે ઈ પણ બધા પ્રકૃતિના ચાળા છે અને બહારનું જે બધું થાય છે એ તો બધું પુદ્ગલપરાવર્તન અનુસાર થયા જ કરે છે. ૮૪.

*

અરે ભાઈ! તારામાં કઈ ઋદ્ધિની ખામી છે કે પર સામે ઝાંવા નાખે છે? તારી સામે અનંતી ઋદ્ધિવાળો પ્રભુ બિરાજે છે તેની સામે નજર નાખતો નથી ને પર સામે નજર નાંખીને પુણ્ય-પાપના દુઃખને અનુભવે છે! દયા-દાન-ભક્તિ આદિના શુભ વ્યવહારમાં વિસ્મયતા કરે છે એ વિસ્મયતા છોડીને તારી સામે વિસ્મયકારી ચૈતન્ય પ્રભુ બિરાજે છે તેની સામુ જો. તારી પ્રભુતાની વિસ્મયતા કરીને એમાં ઠર. તારા એ આનંદના બાગમાં વિહાર કર, અન્ય દ્રવ્યમાં વિહાર ન કર. ૮૫.

*

શ્રોતા :–સમ્યક્ સન્મુખ જીવ તત્ત્વના વિચારમાં રાગને પોતાનો જાણે છે કે પુદ્ગલનો જાણે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–સમ્યક્ સન્મુખ જીવ રાગને પોતાનો અપરાધ છે તેમ જાણે છે અને અંદર ઉતારવા માટે રાગ તે મારું સ્વરૂપ નથી, રાગ તે હું નથી તેમ જાણીને તેનું લક્ષ છોડી અંદરમાં ઉતરવાનો પ્રયત્ન કરે છે. ૮૬.

*

નામધારી-જૈનને પણ રાત્રિનો ખોરાક ન ખવાય. રાત્રિના ઝીણી જીવાત ખોરાકમાં આવી જાય છે તેથી ખોરાકમાં માંસનો દોષ ગણાય છે. એથી નામધારી-જૈનને પણ રાત્રે ખોરાક ન ખવાય. અથાણામાં

પણ ત્રસ જીવ થઈ જાય છે, એ પણ જૈનને ન હોય. જેમાં ત્રસ જીવો ઉત્પન્ન થઈ જાય એવો ખોરાક જ જૈનને હોય નહિ.

...અહીં તત્ત્વની બહુ ઊંચી વાત આવી એટલે હેઠલી વાતનું કાંઈ નહિ એમ ન હોય. પોતાને અંદરથી ઊગવું જોઈએ. કોઈ કહે એટલે નહિ પણ પોતાને દરકાર જોઈએ. જેને ભવિષ્યનું નક્કી નથી તેને તો ત્રાસ થઈ જવો જોઈએ કે અરે! ભવિષ્યમાં હું ક્યાં જઈશ! સોનગઢના કહેવાતા માણસે ખ્યાલ રાખવો જોઈએ. ૮૭

*

(દિનપ્રતિદિન બનતા દેહવિલયના ક્ષણભંગુર પ્રસંગો સાંભળીને વૈરાગ્યભર્યા શબ્દોમાં પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે) હે ભાઈ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. દેહનો સંયોગ તો વિયોગજનિત જ છે. જે સમયે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થવાની છે તે સમયે તારા કોટિ ઉપાયો પણ તને બચાવવા સમર્થ નથી. તું લાખ રૂપિયા ખર્ચ કે કરોડ ખર્ચ, ગમે તો વિલાયતનો ડૉકટર લાવ, પણ આ બધું છોડીને તારે જવું પડશે. દેહવિલયની આવી નિયત સ્થિતિને જાણીને, તે સ્થિતિ આવી પડે તે પહેલાં જ તું ચેતી જા. તારા આત્માને ૮૪ના ફેરામાંથી બચાવી લે. આંખ મીંચાયા પહેલાં જાગૃત થા. આંખ મીંચાયા પછી ક્યાં જઈશ તેની તને ખબર છે? ત્યાં કોણ તારો ભાવ પૂછનાર હશે? —તો અહીં, લોકો આમ કહેશે ને સમાજ તેમ કહેશે—એવી મોહની ભ્રમજાળમાં ગુંચવાઈને તારા આત્માને શા માટે ગુંગળાવી રહ્યો છે? ૮૮.

*

શ્રોતા :–આત્મા પામવા માટે આખો દિવસ શું કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :–આખો દિવસ શાસ્ત્રનો અભ્યાસ કરવો, વિચાર–મનન કરીને તત્ત્વનો નિર્ણય કરવો, અને શરીરાદિથી ને રાગથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો. રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં–કરતાં આત્માનો અનુભવ થાય છે. ૮૯.

*

ભાઈ! તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર કે જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે, તારી મતિ સવળી થઈને આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે ને આ ભવમાં કાર્ય ન થયું તો બીજી ગતિમાં સત્ પ્રગટશે. સાતમી નરકના નારકીને વેદનાનો પાર નથી પણ અંદરમાંથી પૂર્વ સંસ્કાર જાગૃત થતાં સમ્યગ્દર્શન પામી જાય છે. માટે સત્‌ના ઊંડા સંસ્કાર અંતરમાં રેડ, ભાઈ ઊંડાણથી સત્‌ના સંસ્કાર નાખ! ઉપર ઉપરથી તો સંસ્કાર અનેકવાર નાખ્યા પણ ઊંડાણથી એકવાર યથાર્થ સંસ્કાર નાખ તો બીજી ગતિમાં પણ સમ્યગ્દર્શન પ્રગટ થશે. ૯૦.

*

અનુભવની શોભા ખરેખર આત્મદ્રવ્યને લઈને છે. આત્મદ્રવ્ય કૂટસ્થ હોવાથી જોકે અનુભવમાં આવતું નથી, અનુભવ તો પર્યાયનો જ થાય છે, પરંતુ પર્યાયે દ્રવ્યને સ્વીકાર્યું એ પર્યાયની શોભા આત્મ-દ્રવ્યને લઈને જ છે. ૯૧.

*

એક સમયની ભૂલ; બાકી આખો ભગવાન સ્વભાવ મહા પ્રભુ છે—એને છોડી રાગને દેખતાં ભગવાનને દેખવામાં અંતરાય પડી ગયો છે. રાગને ભૂલીને ભગવાનને દેખે તો અંતરાય તૂટી જાય. ૯૨.

*

અરે! આખો દી ધંધા ને બાયડી-છોકરાની મમતામાં પાપમાં જીવન જાય છે એનું શું થશે? એકલી મમતા મમતા ને મમતાના ફળમાં મરીને ઢોરમાં જશે. અહીં વાણીયો કરોડપતિ હોય ને મરીને ભૂંડ થાય ને વિષ્ટા ખાશે! એણે મારું શું થશે એમ નક્કી કરવું જોઈએ ને! કે હું મરીને ક્યાં જઈશ! અહીં તો થોડો કાળ રહેવાનું છે પછી મારું શું થશે ને ક્યાં જઈશ! એ નક્કી કરવું જોઈએ.

શ્રોતા :–ક્યાં જઈશ, એ નક્કી થઈ શકે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–હા, શાસ્ત્રથી પરિણામ મેળવે તો નક્કી થઈ શકે છે.

શ્રોતા :-અમે તો આપના શરણે આવ્યા છીએ એટલે અમારી નાવ પાર કરી દ્યો!

પૂજ્ય ગુરુદેવશ્રી :-કોઈ કોઈનું કાંઈ કરી શકે છે? અહીં સાંભળે છે એના પરિણામ તો સારા રહે ને એનું ફળ સારું આવે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ એવી અધ્યાત્મની વાત જૈનમાં પણ ૫૦-૬૦ વર્ષ પહેલાં સાંભળી ન હતી, આવી વાત અત્યારે સાંભળે છે એને પુણ્ય ઊંચા જ થાય, એ મરીને સ્વર્ગમાં જાય કે મનુષ્ય થાય. ૯૩.

*

શ્રોતાઃ-વાંચન-શ્રવણ-મનન કરવા છતાં આત્માનો અનુભવ કેમ થતો નથી?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ-વાંચન આદિ તો બધું બહિર્મુખ છે ને આત્મવસ્તુ આખી અંતર્મુખ છે. એથી એને અંતર્મુખ થવું જોઈએ. પરને જાણવાનો ઉપયોગ સ્થૂલ છે તેને સૂક્ષ્મ કરી અંતર્મુખ કરવાનો છે. અંતરમાં ઊંડાણમાં જાય તો અનુભવ થાય. જ્ઞાયક....જ્ઞાયક...જ્ઞાયક છું, ધ્રુવ છું એવા અંતરમાં સંસ્કાર નાખે તો આત્માનું લક્ષ થઈને અનુભવ થાય. ૯૪.

*

અનુભવ તત્કાળ કરનારની સંખ્યા ભલે થોડી હોય પણ એની શ્રદ્ધા દૃઢ કરીને પક્ષ પાકો કરનાર અને એનું જ ઘૂંટણ કરીને અલ્પકાળમાં કામ કરનાર જીવો થોડા જ કેમ કહેવાય? એ તો ઘણા હોય. ૯૫.

*

લક્ષ્મણને શક્તિ વાગતાં રાત્રિનાં રામચંદ્ર આદિ વિશલ્યાની કેટલી ઝંખનાથી રાહ જોવે છે કે ક્યારે વિશલ્યા આવે! ક્યારે આવે! તેમ આ મરેલાં ચૈતન્યને જાગૃત કરવા જ્ઞાનના સ્વભાવને જેમ છે તેમ જાણવાની ઊંડી ઝંખના જાગવી જોઈએ. ૯૬.

—*—

સોનગઢમાં વિદ્યાર્થીઓ માટે ઉનાળાનો

# ધાર્મિક શિક્ષણવર્ગ

પરીક્ષાનો સમય હોવાથી આ વર્ષે વિદ્યાર્થીઓ માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૬ મી જન્મજયંતીના મંગલ અવસરે રાખવાનું શક્ય નથી. તેથી શિક્ષણવર્ગ ઉનાળાની રજાઓમાં તા. ૧૩–૫–૮૫ સોમવારથી તા. ૨૭–૫–૮૫ સોમવાર સુધી રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ પંદર દિવસના શિક્ષણવર્ગમાં જઘન્ય, મધ્યમ અને ઉત્તમ ત્રણ વર્ગ રાખવામાં આવશે.

જઘન્યવર્ગમાં લઘુ જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા અને છઢાળા,

મધ્યમવર્ગમાં પ્રશ્નોત્તરમાળા અને બૃહદ્દ્રવ્યસંગ્રહ, તથા

ઉત્તમવર્ગમાં પ્રશ્નોત્તરમાળા અને મોક્ષમાર્ગ પ્રકાશક (અધિકાર–૭) પર શિક્ષણ આપવામાં આવશે.

મુમુક્ષુમંડળના બાળકોને અધ્યાત્મતત્ત્વપ્રધાન ધાર્મિક સંસ્કાર ઉપલબ્ધ થાય તે માટે પોતાના ગામના મુમુક્ષુઓના વિદ્યાર્થીઓને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા બધા મુમુક્ષુમંડળોને અનુરોધ છે.

સૂચના :–(૧) વિદ્યાર્થીઓ માટે રહેવા અને જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે. (૨) વિદ્યાર્થી પાઠ્ય-પુસ્તક (જો પોતાની પાસે હોય તો) તથા પોતાનું પાગરણ આદિ સાથે લાવે. (૩) રેડીયો કે ટેપ-રેકોર્ડર આદિ કોઈ કિંમતી વસ્તુ સાથે ન લાવે. (૪) વિદ્યાર્થીએ પોતે આવવાની અગ્રિમ સૂચના પત્રથી જણાવવી.

પ્રબંધક :—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (કાનજીસ્વામીનું)
PIN–364250

સૌરાષ્ટ્રના આધ્યાત્મિક યુગપુરુષ પરમોપકારી

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની

# ૯૬ મી જન્મજયંતી–મહોત્સવ

મુમુક્ષુ સમાજના ધર્મપિતા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૬ મી જન્મજયંતી મહોત્સવ સમસ્ત દક્ષિણ ભારતવર્ષના મુમુક્ષુવૃંદ તરફથી સુવર્ણપુરીમાં આનંદોલ્લાસપૂર્વક ઉજવવાનું નક્કી થયું છે. તદનુસાર તા. ૧૮–૪–૮૫ ગુરુવારથી તા. ૨૨–૪–૮૫ (વૈશાખ સુદ બીજ) સોમવાર સુધી–પાંચ દિવસનો 'જન્મજયંતી સમારોહ' શ્રી ચોંસઠ-ઋદ્ધિમંડલવિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક વિડિયો-પ્રવચન, દેવ-ગુરુની ભક્તિ, પંચકલ્યાણકના વિડિયો-ટેપદર્શન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો-તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોના ગુરુભક્તિ-રસભરપૂર શાસ્ત્રપ્રવચન આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક સોનગઢમાં ઉજવવામાં આવશે. ગુરુભક્ત બધા મુમુક્ષુઓને 'જન્મજયંતી' નાં રૂપ ઉજવવામાં આવનાર આ ગુરુ-ભક્તિના અનુપમ અવસરનો લાભ લેવા માટે હાર્દિક અનુરોધ છે.

—o—

# * ગુરુ–જન્મધામની મંગલ-યાત્રા *

પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૬ મી જન્મજયંતીના શુભાવસરે વૈશાખ સુદ ૧, તા. ૨૧–૪–૮૫ના રોજ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન જન્મધામની–ઉમરાળાની આનંદદાયી મંગલયાત્રાનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો છે. બસ દ્વારા ગુરુ-જન્મધામની મંગલ-યાત્રાનો લાભ લેવાની જે જે મુમુક્ષુઓને ભાવના હોય તેઓએ તુરત પોતાની સભ્યસંખ્યા 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ૩૬૪૨૫૦' ને લખી મોકલવા વિનંતી છે. બસની વ્યવસ્થા માટે યાત્રી-સભ્યસંખ્યા અગાઉથી જણાવી દેવી ખાસ જરૂરી છે.

—o—

## સુવર્ણપુરી સમાચાર :—

⊛ અધ્યાત્મસાધનાભૂમિ સુવર્ણપુરી-તીર્થધામમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે ધાર્મિકપ્રવૃત્તિ યથાવત્ વર્તી રહી છે. પ્રતિદિન સવારે શ્રી જિનેન્દ્રપૂજા, શ્રી સમયસારના કર્તાકર્મ-અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના ( ૧૮ મી વખતના ) ટેપ-પ્રવચન, શ્રી પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ, બપોરે શ્રી નિયમસાર ઉપર શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ, સાંજે શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના ( ૧૯૬૫ ના પ્રથમ વખતના ) ટેપ-પ્રવચન અને ત્યારબાદ ગોગીદેવી બ્ર. આશ્રમમાં બહેનોની શાસ્ત્રસભા–ઈત્યાદિ કાર્યક્રમો ચાલી રહ્યા છે.

⊛ [illegible] પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થ્ય યથાવત્ ઠીક છે. મહેમાનો તેમજ મુમુક્ષુ સમાજને તેમના પવિત્ર દર્શન તેમજ સ્વાનુભૂતિપ્રધાન મધુર વાણીનો લાભ અવારનવાર મળતો રહે છે.

⊛ શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિરની મંગલ પ્રતિષ્ઠાના ૪૫ માં વાર્ષિક મહોત્સવનો, તે સાથે સુવર્ણપુરીના ઈતિહાસમાં સ્વર્ણાક્ષરે અંકિત તેમજ અતિ ચમત્કાર અને આનંદોલ્લાસપૂર્ણ શ્રી પંચમેરુ–નંદીશ્વરજિનાલયના (-શ્રી જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠાના) મહોત્સવનો લાભ લઈને, તેમજ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૫૩ મી 'સમ્યક્ત્વ-જયંતી'ના મંગલ સમારોહને આનંદમય વાતાવરણમાં અતિ ભક્તિ-ઉલ્લાસ પૂર્વક ઉજવીને, મુમુક્ષુ સમાજ સુવર્ણપુરીમાં સમસ્ત દક્ષિણ ભારતના મુમુક્ષુઓ તરફથી તા. ૧૮–૪–૮૫ થી તા. ૨૨–૪–૮૫ સુધી પાંચ દિવસ માટે આનંદોલ્લાસપૂર્વક ઉજવાનાર આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૯૬ મી મંગલ જન્મજયંતીના ઉત્સવની પ્રતીક્ષા કરી રહ્યા છે.

⊛ શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયની પંચકલ્યાણકપુરઃસર પ્રતિષ્ઠા પછી બીજા દિવસથી-ફાગણ સુદ આઠમથી પૂનમ સુધી નવનિર્મિત નંદીશ્વર-જિનાલયમાં નંદીશ્વર અષ્ટાહ્નિકાપર્વ અત્યંત આનંદોલ્લાસ પૂર્વક તેમજ વિશેષ પૂજા-ભક્તિના સમારોહપૂર્વક ઉજવવામાં આવેલ. નંદીશ્વર જિનાલયમાં અષ્ટાહ્નિકાપર્વ ઉજવવાનો પ્રથમ અવસર હોવાથી પૂજા-ભક્તિમાં બધાને અત્યંત હર્ષોલ્લાસ વર્તી રહ્યો હતો. અષ્ટાહ્નિકાના અવસરે આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહે પોતાના વૈરાગ્ય તેમજ ભક્તિ-રસથી તરબતર સુરીલા કંઠથી કરાવેલ પૂજા-ભક્તિ ઉપસ્થિત બધા મુમુક્ષુઓને અતિ પ્રમુદિત કરતી હતી. કેટલાય મહાનુભાવોનો અનુભવ થતો હતો કે સુવર્ણપુરીમાં જે આનંદોલ્લાસપૂર્વક પર્વ ઉજવાય છે તેવો આનંદોલ્લાસ અન્યત્ર ક્યાંય જોવામાં આવતો નથી. ખરેખર, તેનું ખરું કારણ છે સ્વાનુભૂતિપરિણત જ્ઞાની ધર્માત્માના મંગલ

આશીર્વાદ તેમજ કલ્યાણદાયી ઉપસ્થિતિ, જે અન્યત્ર અનુપલબ્ધ છે. અષ્ટાહ્નિકા પર્વમાં પૂજ્ય બહેનશ્રી પ્રાયઃ પ્રતિદિન નંદીશ્વર જિનાલયમાં દર્શન પૂજાભક્તિ માટે પધારતા હતા ત્યારે વાતાવરણ ઉત્સવ જેવું થઈ જતું હતું.

* ફાગણ સુદ ૧૩ કે જે શ્રી પરમાગમમંદિરનો વાર્ષિક પ્રતિષ્ઠાનો દિવસ છે તે સમૂહ-પૂજા તેમજ ત્રણ શિખર ઉપર નૂતન ધ્વજાઆરોહણ આદિ કાર્યક્રમ દ્વારા આનંદોલ્લાસપૂર્વક ઉજવાયેલ હતો. ઉત્સવના અવસરે ત્રણ દિવસ સત્સાહિત્યમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તેમજ કેટલાક કુ. બ્રહ્મચારિણી બહેનો તરફથી ૫૦ ટકા 'કન્સેશન' રાખવામાં આવ્યું હતું.

* સ્વાનુભૂતિપરિણત પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૫૩ મી 'સમ્યક્ત્વ-જયંતી' (ફાગણ વદ ૧૦) નો મંગલ ઉત્સવ તા. ૧૨–૩–૮૫ થી ૧૬–૩–૮૫ પાંચ દિવસ 'ચોંસઠ ઋદ્ધિમંડલવિધાન પૂજા' સમાગત વિદ્વાનોની સમ્યક્ત્વભક્તિયુક્ત વિશિષ્ટ પ્રવચનશ્રેણી, પ્રતિષ્ઠા-મહોત્સવની વિડિયો-ચર્ચા આદિ વિવિધ કાર્યક્રમ દ્વારા હર્ષોલ્લાસ-પૂર્વક ઉજવવામાં આવેલ.

* ચૈત્ર સુદ ૧૦, તા. ૩૧–૩–૮૫ ના રોજ સુવર્ણપુરીના ગગનચુંબી ૬૩ ફુટ ઉન્નત ભવ્ય માનસ્તંભની ૩૩ મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ છે, અને ચૈત્ર સુદ ૧૩, તા. ૧–૪–૮૫ બુધવારના રોજ શાસનનાયક બાળબ્રહ્મચારી ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મ-કલ્યાણકનો વાર્ષિક પર્વને તેમજ જિનશાસનની અભિવૃદ્ધિ કરનારા આપણા ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની દિગંબર જૈનધર્મમાં પ્રગટ 'પરિવર્તન'ની ૫૧ મી જન્મજયંતીનો મંગળ દિવસ છે. આ મંગળમય શુભાવસર પૂજા-ભક્તિ તેમજ શાસ્ત્ર-પ્રવચનના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

* અધ્યાત્મસાધનાતીર્થસ્થલ (સોનગઢ) પવિત્ર આધ્યાત્મિક વાતાવરણ તેમજ યાત્રિઓના શુભાગમન દ્વારા સદા ગુંજતું રહે છે. આ પાવન તીર્થક્ષેત્રના દર્શન તેમજ પ્રશાંત વાયુમંડળથી યાત્રીગણ પ્રભાવિત તેમજ પ્રમુદિત થાય છે.

* શ્રી જિનબિંબ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવના મંગલ દિવસોમાં પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ચરણોમાં તેમજ હારના રૂપમાં વિભિન્ન દર્શનાર્થીઓ તરફથી જે જુદી જુદી રકમ આવી તે મળીને કુલ રૂા. ૩૨૦૦૦/– થઈ છે. આ રકમ શ્રી પંચમેરુ નંદીશ્વર જિનાલય ખાતે જાહેર કરવામાં આવી છે.

* ૫૩ મી સમ્યક્ત્વ જયંતીના મહોત્સવ દરમિયાન પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ચરણોમાં તેમજ હારના રૂપમાં વિભિન્ન દર્શનાર્થીઓ તરફથી જે જુદી જુદી રકમ આવી તે મળીને કુલ રૂા ૮૦૦૦/– થઈ છે આ રકમ શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય ખાતે જાહેર કરવામાં આવી છે.

પૂજ્ય ગુરુદેવની અધ્યાત્મસાધનાસ્થલી સુવર્ણપુરીના પ્રાંગણમાં શાનદાર

# જિનબિંબ પ્રતિષ્ઠામહોત્સવ

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પવિત્ર તીર્થસ્થલી સુવર્ણપુરીમાં તા. ૨૦ થી ૨૭ ફેબ્રુઆરી સુધી આઠ દિવસનો શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠા-મહોત્સવ, પૂજ્ય ગુરુદેવ પ્રત્યે સહૃદય શ્રદ્ધાભક્તિવંત હજારો મુમુક્ષુઓનાં થનગનતાં હૃદયના ભક્ત્યુલ્લાસમય વાતાવરણમાં સાતિશય આનંદથી ઊજવાઈ ગયો. સૌરાષ્ટ્ર, ગુજરાત, ઉત્તર પ્રદેશ, દક્ષિણ ભારત અને મધ્ય પ્રદેશ આદિ વિભિન્ન પ્રાંતોમાંથી તથા નાઇરોબી, લંડન, ન્યૂયોર્ક વગેરે સ્થળેથી કુલ સાત હજારથી અધિક મુમુક્ષુઓ આ મંગલ મહોત્સવનો અનુપમ લહાવો લેવા આવ્યા હતા. માત્ર એકલા ખંડવાથી જ લગભગ ત્રણસોથી અધિક હિન્દીભાષી મહેમાનો આવ્યા હતા. તદુપરાંત ભોપાલ, દિલ્હી, કલકત્તા, મદ્રાસ, બેંગલોર, હૈદરાબાદ, પૂના, બૃહદ્મુંબઈ, ગોહાટી; આગરા, ગયા, કિસનગઢ, જાલોર, મંદસોર, લાતૂર, પ્રતાપગઢ, ઇન્દૌર, સનાવદ આદિ અનેક ગામોથી હિન્દીભાષી મુમુક્ષુઓ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિમાં પ્રતિષ્ઠાનો અનેરો લાભ લેવા ઊમટી આવ્યા હતા. નાઇરોબીથી ૫૫ મુમુક્ષુઓ આવ્યા હતા.

શ્રી જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠાની મંગલ વિધિ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદ-આચાર્યદેવના શિષ્ય શ્રી વસુબિન્દુ (અપરનામ શ્રી જયસેન-આચાર્ય) પ્રણીત 'પ્રતિષ્ઠા-પાઠ' તથા બ્ર૦ શ્રી સીતલપ્રસાદજી દ્વારા સંકલિત 'પ્રતિષ્ઠાસાર-સંગ્રહ' ના આધારે શુદ્ધામ્નાય-અનુસાર યથાવિધિ કરવામાં આવી હતી. પ્રતિષ્ઠાની વિધિ પૂજ્ય ગુરુદેવશ્રીના અંતેવાસી વિદ્વાન બ્ર૦ ભાઈ શ્રી ચંદુભાઈ ઝોબાળિયાએ કરાવી હતી. પ્રતિષ્ઠાની સંપૂર્ણ શુદ્ધ શાસ્ત્રોક્તવિધિ કુશળતાપૂર્વક કરાવવામા બ્ર૦ ચંદુભાઈએ જે અત્યંત સહૃદય પરિશ્રમ લીધો છે તે વિષયમાં જેટલું કહેવામાં આવે તેટલું ઓછું છે. ઉપસ્થિત મુમુક્ષુસમાજમાંથી અનેક મહાનુભાવ પોતાનો પ્રમોદ અભિવ્યક્ત કરતા થકા અનેક વાર કહેતા હતા કે—'પંચકલ્યાણકનાં આવાં સરળ, સુગમ તેમ જ રોચક શૈલીથી થયેલ શાસ્ત્રોક્ત શુદ્ધ દર્શનીય ચિત્તાકર્ષક અને આત્માહ્લાદી આનંદદાયી વિધાન અન્યત્ર ક્યાંય પણ જોયાં નથી'. પ્રતિષ્ઠાના વિવિધ

પ્રસંગોમાં આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહની વૈરાગ્ય તેમ જ ભક્તિરસ ઝરતી મધુરી હલક દ્વારા ગવાતા સંસ્કૃત પાઠોના શ્રવણથી શ્રોતાઓ અતીવ મંત્રમુગ્ધ થતા હતા. શ્લોક ગાતાં પહેલાં તેનો સંક્ષિપ્ત ભાવ પંડિતજી સમજાવતા હતા, જેથી સભાજનોને વિધિ સમજવામાં સરળતા તથા આનંદ થતો હતો. દરેક વિધિ, ન બહુ ઉતાવળથી કે ન બહુ લંબાણથી, પ્રાયઃ સમયસર થતી હતી. સોનગઢમાં થતા આ ઉત્સવમાં સ્પષ્ટતાની સાથે સાથે જ્ઞાન તેમ જ ભક્તિરસનો સુભગ સંગમ દૃષ્ટિગોચર થતો હતો.

આ મંગલમય મહોત્સવની ચમત્કારિક પ્રભાવકતાનો મૂળ આધાર તો આપણા તારણહાર પરમ કૃપાળુ કહાનગુરુદેવનો સાતિશય પ્રભાવના-ઉદય જ છે; તેને ચમકાવવાનો અનુપમ યશ પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને છે. તેમની આનંદવર્ષિની મંગલ છાયામાં ઉજવાયેલા આ મહોત્સવ પ્રસંગે ઘણા મુમુક્ષુઓને પૂજ્ય ગુરુદેવના મુખકમળથી નીકળેલા શબ્દો—'એમનો (બહેનશ્રી ચંપાબેનનો) જયજયકાર થશે, એમની ઘણી જાહોજલાલી થશે, જે જીવશે તે જોશે. અલૌકિક દ્રવ્ય છે, એમની લાઇન જ જુદી છે.'—યાદ આવતા, જેનાથી તે મુમુક્ષુઓનો આત્મા ભક્તિ તેમજ પ્રસન્નતાથી દ્રવી જતો હતો.

ફાગણ સુદ એકમના શુભ દિને શરૂ થનાર આ મહોત્સવના આગલા દિવસે થયેલી ઝંડારોપણ વગેરેની આદ્ય ઉછામણીમાં જ 'શ્રી'ની વર્ષાનો પ્રારંભ થઈ ગયો હતો, જેના ઉપરથી મુમુક્ષુઓમાં પૂજ્ય ગુરુદેવની તીર્થભૂમિમાં આ કલ્યાણક-મહોત્સવને અનુપમ રીતે ઉજવવાનો આનંદોલ્લાસ તરી આવતો હતો. જેમની મંગલ છત્રછાયામાં આ મહોત્સવ ઉજવવામાં આવ્યો તે વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાનના જિનબિંબને પ્રતિષ્ઠામંડપમાં બિરાજમાન કરવાનું સૌભાગ્ય કલકત્તા નિવાસી શ્રી શાંતિલાલ દલીચંદ શાહને પ્રાપ્ત થયું હતું. ઝંડારોહણનો અનુપમ લાભ શ્રી કેશવલાલ વ્રજલાલ કોઠારીએ લીધો હતો. 'શ્રી પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા'ના ઇન્દ્રો બનવાનો પુણ્યાવસર સર્વશ્રી વસંતભાઈ કસ્તૂરચંદ તલાટી, હીરાલાલ ભીખાલાલ શાહ, વ્રજલાલ મગનલાલ શાહ, ધીરજલાલ ફૂલચંદ તંબોળી તેમ જ માંગીલાલજી જૈન (આગરા)ને મળ્યો હતો. મંડલવિધાન પૂજામાં 'સ્થાપના-વિધિ' શ્રી રમેશચંદ્ર પુરુષોત્તમદાસ કામદારે કરી હતી. શાંતિજાપથી પ્રારંભ કરીને અનુક્રમે ઉજવાતા દરેક પ્રસંગે લોકો ભકત્યાનંદથી ઊછળી જતા હતા.

વિધિનાયક આદિનાથ ભગવાનનાં માતાપિતા તરીકે કલકત્તાનિવાસી શ્રી તખતરાજ વનાજી તથા તેમનાં ધર્મપત્ની શ્રી ચંપાબેનને અને સૌધર્મેન્દ્ર તથા શચિ-

ઇંદ્રાણી તરીકે (શ્રી હીરાભાઈ દહેગામવાળાના જમાઈ) શ્રી અંજનકુમાર તથા શ્રી [illegible]બેનને સ્થાપવામાં આવ્યા હતા. શેષ ઇંદ્રો થવાનો અમૂલ્ય લાભ અનુક્રમે સર્વશ્રી [illegible] વારિયા, ચેતનભાઈ ડેલીવાળા, અનન્તરાય વ્રજલાલ, વિનોદરાય કામદાર, [illegible] ભાયાણી, વિજયકુમાર મોદી, સિદ્ધાર્થભાઈ ભાલાણી, ભદ્રેશકુમાર [illegible], [illegible] દોશી, સુમેરચંદજી (ખંડવા), જયેશકુમાર પોપટલાલ, દીપકકુમાર [illegible], [illegible]લાલજી (આગરા), હરિભાઈ પટેલ અને રમેશભાઈ સોગાનીને [illegible]. શ્રી જગદીશભાઈ મોદી કુબેર થયા હતા.

શ્રી આદિનાથ ભગવાનનો પૂર્વભવ જે સર્વાર્થસિદ્ધિનો અહમિન્દ્ર તે તથા તેની [illegible] અન્ય અહમિન્દ્ર થવાનો લાભ અનુક્રમે સર્વશ્રી તખતરાજજી (કલકત્તા) [illegible] ([illegible]વાળા), ગિરધરભાઈ મોદી, રસિકભાઈ સંઘવી અને રમેશભાઈ [illegible] પ્રાપ્ત થયો હતો.

શ્રી નાભિરાજાની રાજસભાના રાજાઓ થવાનો લહાવો અનુક્રમે સર્વશ્રી [illegible] વ્રજલાલ, રમેશચંદ્ર વ્રજલાલ, રમણીકભાઈ જગજીવનદાસ, રસિકભાઈ [illegible], [illegible] દુલીચંદ, નવીનચંદ્ર પોપટલાલ, ગિરધરભાઈ મોદી, પ્રકાશચંદ્રજી ([illegible]), રસિકલાલ જગજીવનદાસ, ધીરૂભાઈ બોરડિયા, પ્રવીણકુમાર સારાભાઈ, [illegible] તખતરાજ, પ્રહ્‌લાદજી (મંદસૌર), નરેન્દ્રકુમાર વ્રજલાલ, નાનાલાલભાઈ [illegible] અને પુષ્પેન્દુ (ઉદયપુર) એ લીધો હતો. શ્રી ચિમનલાલ ઠાકરશી મોદી [illegible] મહામંત્રી થયા હતા.

શ્રી આદિનાથકુમારના દીક્ષાકલ્યાણક પ્રસંગે ભૂમિગોચરી રાજાઓ સર્વશ્રી [illegible] (દિલ્હી), તલાટી-બંધુઓ, હરખચંદ રાજપાલ (નાઇરોબી) અને [illegible]ચંદ દેવરાજ (નાઇરોબી) થયા હતા. વિદ્યાધર રાજાઓ દિલ્હીના ચાર ભાઈઓ સર્વશ્રી [illegible]ચંદજી, સુકુમાલજી, ભોપાલજી અને સીતલપ્રસાદજી જૈન થયા હતા. વૈરાગ્ય સંબોધન પ્રસંગે લૌકાંતિક દેવોપણે સર્વશ્રી રાજુ ગાંધી, નિર્જેશ જિતેન્દ્રકુમાર, [illegible] અનંતરાય, દિલીપ ગિરધરલાલ, અક્ષય ડેલીવાળા, નિશિત માલદે, સુનીલકુમાર [illegible], હિતેન શેઠ અને જિનેશ દોશીએ લાભ લીધો હતો.

ભગવાનના રાજ્યાભિષેક પ્રસંગે અભિવાદન કરનારા રાજાઓ તરીકે સર્વશ્રી [illegible]લાલજી કાલા, વિનોદભાઈ પરમાર, પદમચંદજી (આગરા), શિવલાલભાઈ ડગલી, [illegible]લાલજી જૈન (બોરીવલી), મહેશકુમાર બાબુલાલ, વીરજીભાઈ પટેલ, દિનેશચંદ્ર [illegible], રમેશભાઈ વારિયા, નવીનચંદ્ર ઝોબાળિયા, રમણીકલાલ જગજીવનદાસ,

પ્રેમચંદજી ગંગાવત, માણેકચંદજી કાલા, બાબુભાઈ (માંગરોળ), ચિરંજીલાલજી (ગયા), નવલચંદભાઈ જગજીવનદાસ, જગજીવન ભાઈચંદ, હસમુખલાલ દોશી, કુંદનમલજી શેઠી, ત્રંબકભાઈ ઘડિયાળી અને કીર્તિકુમાર ઝોબાળિયાએ લાભ લીધો હતો.

મુનિરાજ શ્રી આદિનાથને સર્વપ્રથમ આહારદાન દેનાર હસ્તિનાપુરના રાજા સોમપ્રભ અને રાજા શ્રેયાંસકુમાર થવાનો અમૂલ્ય લાભ શ્રી કેશવલાલ કોઠારી તથા શ્રી દિનેશચંદ્ર કેશવલાલ કોઠારીએ લીધો હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે ઉજવાયેલા આ અનુપમ મહોત્સવમાં દરેકે દરેક પાત્રને કોઈ અનેરો આનંદ, ઉલ્લાસ, ભક્તિ અને ગૌરવ વર્તતું હતું. સમાગત મહેમાનો તથા સ્થાનિક મુમુક્ષુઓમાંથી પ્રાયઃ બહુભાગ એમ કહેતો સાંભળવામાં આવતો હતો કે–ખરેખર આ વખતનો પંચકલ્યાણક-મહોત્સવ કોઈ અજબ ઉલ્લાસપૂર્વક ઉજવાઈ રહ્યો છે, તેની પાછળ કોઈ પ્રભાવક ચમત્કાર વરસી રહ્યો છે. પૂજ્ય ગુરુદેવની જાણે સાક્ષાત્ ઉપસ્થિતિ હોય એવું ચમત્કારી વાતાવરણ સર્જાઈ ગયું હતું. ઉત્સાહ-સાગરમાં ભરતી લાવનાર—ભક્તોને આનંદહિલોળે ઉછાળનાર—પૂર્ણ ચંદ્ર તરીકે હતી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગળમય ઉપસ્થિતિ. ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી, શારીરિક સ્વાસ્થ્ય નાજુક હોવા છતાં અંતરમાં સતત વહેતી સ્વાનુભૂતિની મંગળ ધારા સાથે વર્તતી વીતરાગ દેવ અને પરમોપકારી ગુરુદેવ પ્રત્યેની સાતિશય ભક્તિને લીધે, પંચકલ્યાણકના દરેક પ્રસંગમાં પ્રાયઃ ઉપસ્થિત રહેતાં, જેથી પંચકલ્યાણકમાં ભાગ લેનારા પાત્રોમાં તથા ઉપસ્થિત મુમુક્ષુમહેરામણમાં આનંદો-લ્લાસની કોઈ અજબ ભરતી આવતી હતી. દીક્ષાકલ્યાણક-પ્રસંગે તેમણે કરાવેલી જે વૈરાગ્ય તેમ જ ભક્તિરસનીતરતી મુનિભક્તિ તેના હૃદયસ્પર્શી રણકાર મુમુક્ષુઓનાં કર્ણપટમાં હજુય ગૂંજી રહ્યા છે. અહા! શી તેમની અંતરની વૈરાગ્યધારા! શી તેમની અસાધારણ મુનિભક્તિ! દ્રવ્યદૃષ્ટિની પ્રધાનતા સાથે શો તેમનો ચારિત્રપ્રેમ! ખરેખર અંતરમાં સ્વાનુભૂતિના બળ વગર સહજપણે દેવ-ગુરુની આવી અદ્ભુત ભક્તિ બની શકે નહિ.

પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં ઉજવાતા આ પંચકલ્યાણક વગેરે મંગળ મહોત્સવમાં લોકોત્તરપણાની વિશેષતા લાવનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની મંગલ છત્રછાયા જ છે. સ્વાનુભૂતિપરિણત જ્ઞાની ધર્માત્માના કલ્યાણવર્ધક સામીપ્યમાં ઉજવાતા ઉત્સવોમાં ચમત્કારિક અદ્ભુતતા ન હોય તો બીજે કયાં હોય? આધ્યાત્મિક પવિત્રતાને અનુસરતું પુણ્ય પણ અનુપમ તેમ જ આનંદોલ્લાસદાયી હોય.

પૂજ્ય બહેનશ્રીનાં મંગલમય સાંનિધ્યમાં ઉજવાતા આ મહોત્સવમાં [illegible] જ મુમુક્ષુના અંતરમાં કોઈ જુદો જ થનગનાટ હતો. અતીવ રમણીય નિમંત્રણપત્રિકાના આયોજન તથા પ્રતિષ્ઠાવેદી-નિર્માણારંભના શુભ પ્રસંગે તે પ્રશસ્ત થનગનાટના દર્શન થતાં હતાં. શુભારંભના મંગલ પ્રસંગે સર્વશ્રી હીરાલાલ ભીખાલાલ, રસિકભાઈ સંઘવી, શાંતિભાઈ (લીંબડી), ચિમનભાઈ મોદી અને જિતુભાઈ મોદીને [illegible] કરવાનું સૌભાગ્ય સંપ્રાપ્ત થયું હતું.

સુવર્ણપુરીમાં મહોત્સવમય વાતાવરણનો શુભારંભ તો એક મહિનાથી થઈ ગયો હતો. પ્રતિષ્ઠેય વિશાળ જિનબિંબોની પધરામણી થતાં મુમુક્ષુઓમાં આનંદની કોઈ સીમા નહોતી. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીએ રત્નાક્ષતોથી જે ભાવભીનું સ્વાગત કર્યું તે તેમની અસાધારણ ભક્તિમય દૃશ્યનું વર્ણન કલમની શક્તિથી બહાર છે. પ્રતિષ્ઠેય ભગવંતોના ભવ્ય સ્વાગતરૂપે નગરયાત્રા નીકળી હતી, જેમાં સર્વશ્રી હીરાભાઈ મોહનલાલ, હીરાલાલજી કાલા, પ્રાણભાઈ કામદાર, પુષ્પાબેન દોશી, કાંતિલાલ દલીચંદ (લીંબડી) વગેરે અનેક મહાનુભાવોએ ઉત્સાહપૂર્ણ અનેરો લાભ લીધો હતો. પ્રતિષ્ઠામહોત્સવ શરૂ થતા પહેલાં પ્રતિષ્ઠેય જિનપ્રતિમા પૂજ્ય બહેનશ્રીના ઘરે પધરાવવામાં આવ્યાં હતાં. પ્રતિષ્ઠેય પ્રતિમાઓના દરબારથી પૂજ્ય ભગવતીમાતાના ઘરની રોનક કોઈ નિરાળી જ લાગતી હતી. પ્રતિમાના પ્રતિષ્ઠિત રૂપને લક્ષમાં રાખીને પૂજ્ય માતાજીએ લગભગ એક મહિના સુધી બપોરે કરાવેલી ભક્તિભાવભીની અનુપમ ભક્તિ, મુમુક્ષુઓનો ઉત્સાહ, તે પ્રસંગે દરરોજ થતી બે-ચાર પ્રભાવનાઓ, ચારેબાજુથી ઊભરાતું આનંદમય વાતાવરણ વગેરે સુવર્ણપુરીના ઇતિહાસમાં એક અસાધારણ સ્વર્ણિમ અવસર તરીકે અંકિત થઈ ગયાં છે.

પ્રતિષ્ઠોત્સવના ક્રમાનુસાર શાંતિજાપપ્રારંભ, જેમની સાક્ષીમાં—મંગલમય આશ્રયમાં—પ્રતિષ્ઠામહોત્સવ ઊજવવામાં આવ્યો તે ૧૦૦૮ શ્રી વિદેહીનાથ સીમંધર ભગવાનના જિનબિંબને જુલૂસપૂર્વક પ્રતિષ્ઠામંડપમાં બિરાજમાન કરવાની મંગલવિધિ, જિનેન્દ્ર-ધ્વજારોહણ, શ્રી પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા, નાંદીવિધાન, આચાર્ય-અનુજ્ઞા (પૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રપટ સમક્ષ), ઇન્દ્રપ્રતિષ્ઠા, ઇન્દ્રોનું જુલૂસ, પ્રતિષ્ઠાવિધાનમાં અંતર્ગત (ઇન્દ્રો દ્વારા કરવામાં આવતી) શ્રી યાગમંડલપૂજા, જળયાત્રા વગેરે શાસ્ત્રોક્ત વિધિઓ સંપન્ન કરીને તા. ૨૨-૨-૮૫ના રોજ રાત્રે ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયા કરવામાં આવી હતી. અહા! તે પ્રસંગે રચાયેલી જે અહમિન્દ્ર-સભા અને નાભિ-રાજાની રાજસભા તેમનાં મનોહર દૃશ્યોની શી વાત! અહમિન્દ્ર-સભાના અહમિન્દ્રો

મનુષ્યપર્યાય પામીને શીઘ્ર મુનિદશાની સાધના માટે તલસતા હતા. ઇન્દ્રસભાઓ તીર્થંકર-મહિમા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનની મધુરી ચર્ચાઓ તથા જિનેન્દ્રભક્તિથી પ્રેક્ષકોનાં મન હરી લેતી હતી. નાભિરાજાની સભાના રાજવીઓની જિનેન્દ્રમહિમા-યુક્ત તત્ત્વચર્ચા, માતા મરુદેવીની સખીઓ સાથે તત્ત્વગોષ્ઠિ અને તેનાથી રચાતું જે જિનેન્દ્રભક્તિમય અનુપમ વાતાવરણ તે બધું ખરેખર ઘણું જ અદ્ભુત હતું. અનુક્રમે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર સુસંપન્ન થયેલાં ગર્ભકલ્યાણક, જન્મકલ્યાણક, તપકલ્યાણક, જ્ઞાનકલ્યાણક ને મોક્ષકલ્યાણકનાં ભક્તિભાવભીનાં આશ્ચર્યકારી અનુપમ દશ્યો જોઈને પ્રેક્ષક મુમુક્ષુમહેરામણને હૃદયમાં એમ થતું હતું કે—નિર્મળ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનાં બાહ્ય કારણોમાં એક 'જિનેન્દ્રમહિમાદર્શન' (—પંચકલ્યાણકપ્રતિષ્ઠાદર્શન) કહ્યું છે તે ખરેખર સત્ય છે. ઘણાને નીચેની કડી વારંવાર યાદ આવતી—

કલ્યાણ–કાલ પ્રત્યક્ષ પ્રભુકો લખૈ જે સુરનર ઘને;
તિહ સમયકી આનંદ-મહિમા કહત કયોં મુખસોં બને.

આ પંચકલ્યાણકમહોત્સવ પ્રસંગે નીકળેલાં જુલૂસની અનુપમ શોભાની તો વાત જ શી? રસ્તાઓ બધા માનવમહેરામણથી ઉભરાઈ જતા હતા. વરઘોડામાં ધર્મધ્વજયુક્ત આઠ–આઠ ગજેન્દ્ર, જિનેન્દ્રરથ, જિનવાણીયુક્ત બગીઓ, ભજન-મંડળીઓ, ડાંડિયારાસ લેતી યુવકમંડળીઓ અને હજારો મુમુક્ષુઓની સમુપસ્થિતિ વગેરેથી સુવર્ણપુરીની શાન જ કોઈ અવર્ણનીય હતી. સુવર્ણપુરી ખરેખર અયોધ્યાપુરી બની ગઈ હતી. જન્મકલ્યાણકના જુલૂસનાં અને પાંડુકશિલા પર જન્માભિષેકનાં અનુપમ દશ્ય તો ભક્તોનાં હૃદયમાં કોતરાઈ ગયાં છે. આવો અનુપમ લહાવો જેમના પવિત્ર અને પરમ પ્રતાપે મુમુક્ષુઓને સાંપડયો એવા પરમ–તારણહાર કહાનગુરુદેવ તથા પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી પ્રત્યે મુમુક્ષુઓને ઉપકૃતતાની ભાવનાયુક્ત અસાધારણ ભક્તિભાવ ઊછળી જતો હતો, પરમ-ઉપકારી ઉભય સંતોના જયનાદથી વાતાવરણ આનંદભીનું થઈ જતું હતું. આ મંગલ મહોત્સવ પૂજ્ય ગુરુદેવની અનુપસ્થિતિમાં ઊજવાતો હોવા છતાં જાણે તેમની મંગલમય કલ્યાણી ઉપસ્થિતિ હોય એવો આનંદોલ્લાસ મુમુક્ષુઓનાં હૃદયમાં વર્તતો હતો. પૂજ્ય ગુરુદેવે માતાજીને સ્વપ્નમાં કહેલું કે—"બેન! હું અહીં જ છું, હું અહીં જ છું, હું અહીં જ છું"; તદનુસાર પૂજ્ય ગુરુદેવની ઉપસ્થિતિ જેવો જ બધાને આનંદ વર્તતો હતો. ખરેખર પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિમાં પ્રશમમૂર્તિ ભગવતીમાતાજીની મંગલમય છત્રછાયામાં ઊજવાયેલો આ મહોત્સવ સુવર્ણપુરીના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થઈ ગયો છે. તેના મધુરા પડઘા સુચિર કાળ સુધી વાતાવરણમાં ગૂંજતા રહેશે.

શ્રી નંદીશ્વર-જિનાલયમાં ઉત્કીર્ણ પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાલ મનોહર ચિત્રપટના અનાવરણનો ભક્તિભાવભીનો લાભ શ્રી મનસુખલાલ હરિલાલ દોશી, હા. પુષ્પાબેન દોશી ( ઘાટકોપર ); 'ગુરુદેવશ્રીનાં વચનામૃત ' ના અંતમાં ઉત્કીર્ણ 'જ્ઞાનજ્યોતિ ' નાં કિરણોવાળા પૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રપટના અનાવરણનો લાભ શ્રી શાન્તિલાલ લીચંદ ( કલકત્તા ), 'બહેનશ્રીનાં વચનામૃત ' ના અંતમાં ઉત્કીર્ણ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટના અનાવરણનો લાભ શ્રી પુરુષોત્તમદાસ ઓઘડદાસ કામદારના પરિવાર, ગુરુદેવશ્રીનાં વચનામૃત ' ના અનાવરણની વિધિનો લાભ શ્રી રીખબચંદજી અમીચંદજી થા 'બહેનશ્રીનાં વચનામૃત ' ના અનાવરણની વિધિનો લાભ શ્રી ચંપકલાલ મોહનલાલ ાલીને સંપ્રાપ્ત થયો હતો.

શ્રી 'કહાનગુરુ-સમાધિમંદિર ' માં સ્વસ્તિક-અંકિત ભવ્ય કમળની સ્થાપના વાનો અનુપમ લાભ દિલ્હીનિવાસી શ્રી જયકુમારજી તથા શ્રી જ્ઞાનચંદજીને મળ્યો ા. સમાધિમંદિરમાં ઉત્કીર્ણ પૂજ્ય ગુરુદેવશ્રીના જિનધર્મપ્રભાવક વ્યક્તિત્વને લગતાં ર ચિત્રોની અનાવરણવિધિ અનુક્રમે સર્વશ્રી પ્રાણલાલ પુરુષોત્તમદાસ કામદાર તથા ઈઓ, મનસુખલાલ હુકમચંદ કામદાર, છોટાલાલ કેશવજી ભાયાણી તથા વ્રજલાલ નલાલ શાહ ( જલગામ ) ના શુભ હસ્તે કરવામાં આવી હતી.

અહા! જેવી પ્રતિષ્ઠામહોત્સવની નિમંત્રણપત્રિકા અતીવ સુંદર અને ચિત્તાકર્ષક ી હતી તેવો જ મનોહર શ્રી પ્રતિષ્ઠામંડપ તેમ જ વેદી, મુખ્ય પ્રવેશદ્વાર, પ્લાસ્ટર દ પૅરિસના બનાવેલાં—ભરત ચક્રવર્તીના રવિકીર્તિ આદિ રાજકુમારોનું સમવસરણમાં ન, ભગવાન આદિનાથને શ્રેયાંસકુમાર દ્વારા ઈક્ષુરસનું આહારદાન વગેરે—ભાવવાહી ા દશ્યો, પંચકલ્યાણકને અનુરૂપ જિનેન્દ્રભક્તિમય સુંદર સૂત્રવાકયો, વિવિધ પ્રકારની નીઓ વગેરે અનેકવિધ સાજ બનાવવામાં આવ્યો હતો, જેનાથી ઉત્સવની ા અતિશય દીપી ઊઠતી હતી. પ્રતિષ્ઠામંડપના મુખ્ય પ્રવેશદ્વારને 'આદિનાથ- ' અંદરના અવાંતર દ્વારોને 'સીમંધરદ્વાર, સૂર્યકીર્તિદ્વાર, અને મહાપદ્મદ્વાર ' આપવામાં આવ્યા હતાં.

નિમંત્રણપત્રિકાનું કામ શ્રી રસિકભાઈ ડગલીએ, પ્રતિષ્ઠામંડપના સુશોભનનું શ્રી સુરેશભાઈ સંઘવીએ તથા વેદી, પાંડુકશિલા તેમ જ પાણીવ્યવસ્થા માટે ઓની રચના, પાઇપ-લાઇન નખાવવી વગેરે કામ શ્રી પવનકુમારજી બંડીએ . સહયોગીઓનો સાથ લઈને સુંદર રીતે સંપન્ન કર્યું હતું. મહેમાનો માટે નવ્યવસ્થા પણ સારી હતી. સમાગત મહેમાનો આવાસ, ભોજન તેમ જ પ્રકાશ- થાની ખૂબ પ્રશંસા કરતા હતા. ભોજનવ્યવસ્થા શ્રી શાંતિલાલ ઠાકરશી મોદી,

શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી, શ્રી ભોગીભાઈ ડગલી, શ્રી મંગાભાઈ ( સરાર–વડોદરા ), શ્રી નિરંજનભાઈ ડેલીવાળા વગેરેએ, આવાસ-વ્યવસ્થા શ્રી સુમતિભાઈએ અને ખરીદી-વ્યવસ્થા શ્રી નેમચંદભાઈ ( કુંડલા ) અને શિવલાલભાઈ ડગલીએ પોતાના સહકાર્યકરો દ્વારા બહુ સારી રીતે સંપન્ન કરી હતી. નાણાવિભાગનું કામ શ્રી વસંતભાઈ દોશી, કાંતિભાઈ જોડિયાવાળા, વિનોદભાઈ વોરા, કાંતિભાઈ ( લીંબડી ) વગેરેએ ખૂબ ખંતથી સંભાળ્યું હતું. પ્રતિષ્ઠામહોત્સવના મુખ્ય સંચાલક તરીકે વરિષ્ઠ સમિતિ વતી શ્રી વ્રજલાલભાઈ જે. શાહ તથા શ્રી ચિમનભાઈ મોદીએ અને વ્યવસ્થાવસમિતિ વતી શ્રી જિતુભાઈ શાહે ખૂબ જ સુંદર સેવા આપી હતી. સ્વયંસેવકદળની સહાય દ્વારા શ્રી કિરિટભાઈ મહેતા વગેરેએ સારી સેવા આપી હતી.

પ્રતિષ્ઠાની કીમતી સામગ્રીના સ્ટોર-રૂમની વ્યવસ્થા, વિવિધ ચીજવસ્તુની લેવડ-દેવડ તથા સાર-સંભાળ, દરેક વિધિ વખતે આવશ્યક સામગ્રીઓ યથાસ્થાને પહોંચતી કરવી, ગોઠવવી ને વિધિ પછી સ્ટોરરૂમમાં પહોંચતી કરવી વગેરે કાર્યોમાં બ્ર૦ શ્રી વ્રજલાલભાઈ શાહ તેમ જ વઢવાણ–યુવકમંડળની તથા ઇન્દ્રસભા, રાજસભા વગેરે ગોઠવવાં ને બધા સભાસદને તીર્થંકરમહિમાભરી તત્ત્વચર્ચાના કાગળો દેવા તેમ જ સમજાવવા વગેરે કાર્ય માટે શ્રી અશોકભાઈ કામદાર ( વઢવાણ )ની ભક્તિ–ઉત્સાહભીની સુંદર સેવા મળી હતી, જેથી દરેક વિધિ પ્રાયઃ નિશ્ચિત સમયમાં જ સંપન્ન થઈ શકતી હતી.

પ્રતિષ્ઠોત્સવના દિવસોમાં ઉદ્ભવેલી વિવિધ પરિસ્થિતિઓને સંભાળી લેવાના કામમાં ડૉ. શ્રી પ્રવીણભાઈ દોશી, શ્રી સરલાબેન, શ્રી પવનકુમારજી, બ્ર૦ વ્રજલાલભાઈ, શ્રી હીરાલાલજી કાલા, શ્રી ચિરંજીલાલજી, શ્રી ગોસલ-બાબુ, શ્રી શશીભાઈ શેઠ, શ્રી હસમુખભાઈ ગાંધી, શ્રી પ્રફુલ્લભાઈ વારિયા, શ્રી હીરાભાઈ શાહ વગેરે મહાનુભાવોએ સુંદર સહયોગ આપ્યો હતો.

આરોગ્યસમિતિના સદસ્ય સર્વશ્રી ડૉ. મધુરીબેન નંદુ, ડૉ. સવિતાબેન જેઠાલાલ શાહ તેમ જ સ્મીતાબેન દામોદરદાસ મોદીએ પોતાની 'મેડિકલ' સેવા પ્રદાન કરીને સુંદર સહકાર આપ્યો હતો.

પ્રતિષ્ઠા સંબંધી અન્ય અનેકવિધ સામગ્રી—તીર્થંકર ભગવાનનાં વસ્ત્રાભૂષણો, ઝંડારોહણ તેમ જ રથયાત્રાના ધ્વજ, પ્રતિષ્ઠામંડપ વગેરેના સુશોભનનો સામાન, નંદીશ્વરમંદિરની કળશ–ધ્વજ વગેરે વસ્તુઓ, ૧૬ સ્વપ્ન, નવભવ–ચિત્ર, જિનેન્દ્ર-મહિમા તેમ જ ભક્તિરસપૂર્ણ સૂત્રવાક્યાંકિત વિવિધ ચાકળા, સુશોભિત મંગળ કુંભ અને સમવસરણરચના વગેરે વિવિધ ચીજો—( પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી

ચંપાબેને, પોતાના અંતરમાં વર્તતાં શ્રી જિનેન્દ્રભક્તિ અને મહિમાથી પ્રેરાઈને, મહિનાઓ સુધી આપેલા સુંદર માર્ગદર્શન તળે) તૈયાર કરાવીને પ્રસ્તુત કરવાની બહુમૂલી સેવાનો અમૂલો લાભ તેમના સત્સુચંચરીક કુમારી બ્રહ્મચારિણી બહેનોને મળ્યો હતો.

વિધાનપ્રસંગે માંડલા માંડવાની અમૂલ્ય સેવા ખંડવાના યુવકોએ આપી હતી.

એ રીતે વિવિધ સમિતિઓએ પોતપોતાના નેતાના માર્ગદર્શનતળે કામ કરીને આ મહોત્સવને ખૂબ જ દિપાવ્યો હતો. ખરેખર તો આ બધાં પવિત્ર કાર્યો પાછળ પૂજ્ય ગુરુદેવશ્રીનો મંગળ પ્રભાવનોદય અને ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિભીની મંગળ ભાવના જ કામ કરી રહ્યાં હતાં; તોપણ તે ઉભય મહાન સાધકોના ઉપકારતળે રહી વિવિધ સમિતિઓએ તન-મન-ધનથી જે સુંદર સેવા આપીને મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરી છે તેના માટે તેઓ સર્વ ધન્યવાદને પાત્ર છે.

શ્રી જિનબિંબ-પંચકલ્યાણક મહોત્સવના અવસરે આઠેય દિવસ માટે મહેમાનો તેમ જ સ્થાનિક મુમુક્ષુમંડળ આદિ માટે સવાર-સાંજનું જમણ નીચેના મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું—

શ્રી રંભાબેન પોપટલાલ વોરા, હસ્તે ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી હસમુખભાઈ વોરા (પ્રતિષ્ઠાદિન ફાગણ સુદ ૭); શ્રી સમરતબેન ભીખાલાલ શાહ, હસ્તે શ્રી હીરાભાઈ; શ્રી જગદીશચંદ્ર ચિમનલાલ મોદી; શ્રી ભારમલ વાઘજી હરિયા પરિવાર (નાઈરોબી); શ્રી જેઠાલાલ દેવરાજ શાહ, હસ્તે શ્રી હંસરાજભાઈ (નાઈરોબી); શ્રી પુરુષોત્તમદાસ ઓઘડદાસ કામદાર પરિવાર, હસ્તે પ્રાણભાઈ કામદાર; શ્રી કેશવલાલ વ્રજલાલ કોઠારી; શ્રી નિમ્ફ લેબોરેટરી, હસ્તે તલાટીબંધુ; શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશી, હસ્તે શારદાબેન; શ્રી ચંદુલાલ મોહનલાલ મહેતા (ધોળ); શ્રી નારણદાસ કરશનજીભાઈ, હસ્તે નગીનભાઈ (રાણપુર); શ્રી હિંમતલાલ છોટાલાલ ઓબાળિયા; શ્રી તખતરાજ વનાજી જૈન (કલકત્તા); શ્રી મગનલાલ જીવણલાલ શાહ, હસ્તે બાલુબેન (ગોરેગાંવ); શ્રી ચંચળબેન પ્રેમચંદ ભાયાણી, હસ્તે ગુણવંતભાઈ; શ્રી પ્રેમચંદ ગુલાબચંદ ઓબાળિયા, હસ્તે શ્રી સમરતબેન; શ્રી ચિમનલાલ છોટાલાલ ઓબાળિયા.

શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલયના પંચકલ્યાણક પ્રતિષ્ઠોત્સવના આઠેય દિવસ ધાર્મિક સાહિત્યનું વેચાણ ૫૦% 'કન્સેશનથી' રાખવામાં આવેલ હતું. 'કન્સેશન'ની યોજના ૩૦% સર્વશ્રી મેઘાણી જયવંતલાલ અને દિનેશભાઈ, પ્રવિણભાઈ ગાંધી, પટેલ-બંધુ તેમ જ દલીચંદભાઈ વ્રજલાલ અજમેરા તથા ૧૦% શ્રી કહાન ઓપ્ટીકલ્સ મદ્રાસ (હસ્તે શ્રી હિંમતભાઈ ઓબાળિયા તથા શ્રી રૂપચંદજી જૈન) અને ૧૦%

શ્રી ચિમનલાલ હેમચંદ વોરા ( વઢવાણ ) તરફથી કરવામાં આવી હતી. આ મહોત્સવમાં રૂા. ૬૦,૦૦૦નું સાહિત્ય તથા રૂા. ૫૦૦૦ ના ફોટા, સ્ટીકર આદિનું વેચાણ થયું હતું. 'આત્મધર્મ' ગુજરાતી તથા હિન્દીના આજીવનસભ્યફીમાં શ્રી હિંમતલાલ છોટાલાલ ઓબાળિયા તરફથી ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવેલ. સ્વ. શ્રી વ્રજલાલ મગનલાલ શાહ ( જલગાંવ )ના પરિવાર તરફથી ૨૫% ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હોવાથી પરમ પૂજ્ય ગુરુદેવનાં ૧૬૭૮ ટેપપ્રવચનો ઘરે વસાવવા મુમુક્ષુઓને લાભ મળ્યો હતો.

આ ઉત્સવમાં ધાર્મિક સાહિત્યના વેચાણવિભાગની વ્યવસ્થા પણ સુંદર રીતે ગોઠવવામાં આવી હતી. ધાર્મિક શાસ્ત્રો, પ્રવચનગ્રંથો, ફોટાઓ, 'વિડિયો' કેસેટ અને સ્ટિકરોના ગ્રાહકોની 'લાઇન' લાગતી હતી; અને વ્યવસ્થાને પહોંચી વળવા માટે 'ક્રમ' યોજના રાખવી પડી હતી. વેચાણવિભાગની વ્યવસ્થાને સંપૂર્ણ સફળ બનાવવા માટે વેચાણવિભાગસમિતિના સભ્ય શ્રી અનંતરાય વ્રજલાલ શાહ (જળગામ), તેમના ભાઈ શ્રી નરેન્દ્રકુમાર તથા શ્રી પ્રવીણચંદ્ર સારાભાઈ શાહે સમિતિના અન્ય સભ્યોના સહકાર સાથે, અતિ ખંતથી તનતોડ સેવા આપી હતી. શ્રી પ્રવીણચંદ્ર સારાભાઈ શાહે વિડિયો ઉતારવામાં, અન્ય સભ્યોના સહકાર સાથે, ભક્તિભાવભીની સુંદર સેવા આપી હતી.

પ્રતિષ્ઠામહોત્સવના અંતિમ દિવસે વેદી પર શ્રી જિનેન્દ્રભગવંતોને પ્રતિષ્ઠિત કરવાના આનંદવર્ધક હર્ષોલ્લાસમાં ટ્રસ્ટના પ્રમુખ માનનીય શ્રી હસમુખલાલભાઈ પોપટલાલ વોરા (તેમના માતુશ્રી રંભાબેન પોપટલાલ વોરા) તરફથી સવારે ગામધુમાડો બંધ રાખવામાં આવ્યો હતો. સોનગઢ આખું ગામ, તદુપરાંત અમરગઢ, પાંચવડા, સુરકા વગેરે આજુબાજુના ઘણા માણસોએ ભગવાનની મંગળ પધરામણીના ઉત્સવનો તથા 'હરખજમણ'નો લાભ લીધો હતો.

પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સાતિશય પ્રભાવનાયોગે ને પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની મંગલવિધિણી છત્રછાયામાં સંપૂર્ણ સફળતાથી સંપન્ન થયેલ આ મંગલમય પ્રતિષ્ઠામહોત્સવની જવાબદારીના મુખ્ય ભારનું જેમણે સુંદર રીતે વહન કર્યું છે, પોતાનાં ધીરજ, વિચક્ષણતા, માર્ગદર્શન અને અસાધારણ હિંમત વડે આ ઉત્સવને સાંગોપાંગ પાર પાડવામાં જેમનો વિશિષ્ટ ફાળો છે અને અડીખમ ઊભા રહીને પોતાની સ્નેહ વડે જેમણે આવી પડેલી પરિસ્થિતિને શાંતિ અને સજગપણે સંભાળી લીધી છે, તે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના માનનીય પ્રમુખ શ્રી હસમુખલાલભાઈ પોપટલાલ વોરાએ ઉપરોક્ત પ્રકારે અનેકવિધ મહત્ત્વની સેવા આપીને ઉત્સવને નિર્વિઘ્ને સંપન્ન કરવાનો અનુપમ લાભ લીધો હતો.

પ્રમુખશ્રી હસમુખલાલભાઈ વોરાના અધ્યક્ષપણામાં વરિષ્ઠ સમિતિના સભ્યો ડૉ. પ્રવીણભાઈ દોશી, શ્રી આણંદભાઈ જસાણી, શ્રી વ્રજલાલભાઈ જે. શાહ, શ્રી હરાભાઈ (દહેગામ), શ્રી શશીકાંતભાઈ શેઠ, શ્રી હીરાલાલજી કાલા, શ્રી ચીમનલાલ ઠાકરશી મોદીએ અવારનવાર મીટિંગો ભરી, પેટા-સમિતિઓના સભ્યોને સુંદર માર્ગદર્શન આપી, એવી સરસ વ્યવસ્થા ગોઠવી હતી કે જેથી મહેમાનોને કોઈ પણ જાતની અગવડ પડી નહોતી અને તેથી મહેમાનો ઘણો સંતોષ વ્યક્ત કરતા હતા.

ઉત્સવ અંગે નિમાયેલી ભોજન-સમિતિના કાર્યકરોને શ્રી મલૂકચંદ છોટાલાલ ઝોબાળિયા ટ્રસ્ટવતી તેના ટ્રસ્ટી શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયા વગેરેએ દરેક જાતનો સહકાર આપી મહોત્સવ અંગેની સેવાનો સારો લાભ લીધો હતો.

ઉત્સવ અંગેનાં બધાં કામ પહેલેથી જ વ્યવસ્થિતપણે વહેંચાઈ ગયેલ હોવાથી અને ગુરુભક્તિવંત બધા કાર્યકરોએ તન-મન-ધન ને અજબ ખંતથી સેવાઓ આપી હોવાથી ખરેખર, પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિમાં ઉજવાયેલ આ પંચકલ્યાણકપ્રતિષ્ઠા-મહોત્સવ 'અભૂતપૂર્વ' બની ગયો હતો.

અહા! કૃપાળુ ગુરુદેવે શુદ્ધાત્મતત્ત્વ તો આપ્યું, કિન્તુ સાથે સાથે વર્તતો જિનેન્દ્ર-મહિમા પણ અદ્‌ભુત રીતે સમજાવ્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી કહે છે: 'અંતરમાં જ્ઞાયકદેવને ને બહારમાં વીતરાગ દેવ-ગુરુને સાથે રાખજે.' મુમુક્ષુને અંદર જ્ઞાયકના મહિમા સાથે વિકલ્પના કાળમાં દેવ-ગુરુના મહિમાના ભાવો આવે છે. અહો! આવા નિશ્ચય-વ્યવહારની સંધિથી જેમની સાધના સદા પ્રતાપવંત વર્તે છે અને જેઓ મુમુક્ષુઓને નિશ્ચય-વ્યવહારના સુમેળવાળા આધ્યાત્મિક જીવન પ્રત્યે દોરી જાય છે તે પરમોપકારી ઉભય સંતોને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર.

અહો! જયવંત વર્તો શ્રી જિનબિંબ-પંચકલ્યાણકમહોત્સવ!
જયવંત વર્તો શ્રી કહાનગુરુદેવ અને તેમનો પ્રભાવના ઉદય!!

બિંબપ્રતિષ્ઠા ભઈ સફલ, નરનારી અઘહાર;
વીતરાગ-વિજ્ઞાનમય, ધર્મ બઢૌ અધિકાર.
અહો! ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિ દિવ્યનો;
જિન-કુંદ-ધ્વનિ આપ્યા, અહો! તે ગુરુ-કહાનનો.

—તંત્રી

—૦—

## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી:—

પ્રકાશન સ્થાન-શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364250
પ્રકાશન તારીખ-દરેક માસની પહેલી તારીખ
પ્રકાશક-શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364250
મુદ્રક-સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ, સોનગઢ
સંપાદક-નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ
તંત્રી-હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ
રાષ્ટ્રીયતા-ભારતીય
માલિક-શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364 250

—વ્યવસ્થાપક (મેનેજર)
તા. ૧-૪-૮૫ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (કાનજીસ્વામીનું) 364250

---

સૂચના :—

* **વૈરાગ્ય સમાચાર**:-આ અંક ૯૬ મી જન્મજયંતી અંક હોવાથી વૈરાગ્ય સમાચાર આગામી અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

* **પહેલી માર્ચનો અંક**:-તા. ૨૭-૨-૮૫ના રોજ પૂર્ણ થયેલા પ્રતિષ્ઠા મહોત્સવના સમાચાર પહેલી માર્ચના અંકમાં પ્રકાશિત થઈ શકે તેમ ન હોવાથી તેમજ ત્યાર પછીનો અંક ૯૬ મી જન્મજયંતીના વિશેષ અંક તરીકે પહેલી એપ્રિલે પ્રકાશિત કરવાનો હોવાથી માર્ચ અને એપ્રિલનો અંક ભેગો કરીને પ્રકાશિત કરવામાં આવ્યો છે.

* **સુર્યકીર્તિનગર હાઉસીંગ સોસાયટી**:-સોનગઢમાં પાલિતાણા રોડ ઉપર નવનિર્મિત સૂર્યકીર્તિ સોસાયટીમાં પાંચ બ્લોક નોંધવાના બાકી છે. બ્લોક લેવા માંગતા મુમુક્ષુઓએ નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવો :—

**ગીરીશ એ. શેઠ**
C/o શ્રી કાઠીયાવાડ મોઢવણિક વિદ્યાર્થીભવન
વાઘાવાડી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧

| | | |
|---|---|---|
| * **નવું પ્રકાશન** : | * લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા | રૂા. ૧-૫૦ |
| | * સર્વ સામાન્ય પ્રતિક્રમણ | રૂા. ૨-૦૦ |
| | * શાસ્ત્ર સ્વાધ્યાય | પ્રેસમાં |

જે મુમુક્ષુઓને ઉપરોક્ત પુસ્તકોની જરૂર હોય તેમણે શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, (સોનગઢ)નો સંપર્ક સાધવો.

* **પ્રવચન રત્નાકર ભાગ-૯ :**-પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ૧૮મી વખતના શ્રી સમયસાર ઉપરના પ્રવચનોનો 'પ્રવચન રત્નાકર ભાગ-૯' પ્રકાશિત થઈ ગયો છે. પ્રવચન રત્નાકર ભાગ-૯ તેમજ ભાગ ૧ થી ૮ માટે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો :—

૧. શ્રી કુંદકુંદ કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ, મુંબઈ
૧૭૩-૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ-૨ ફોન નં. ૩૨૫૨૪૧, ૩૪૬૦૯૯

૨. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364250

* **શુદ્ધિ :**-

| પેઈજ નંબર | લાઈન | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૩ | નીચેથી ચોથી | અશય | અશકય |
| ૪ | તેરમી | રણુકર | રણુકાર |
| ૧૪ | છઠ્ઠી | અપ્રહિતપણે | અપ્રતિહતપણે |
| ૧૬ | નીચેથી છઠ્ઠી | અગ્નિા | અગ્નિના |
| ૨૭ | દસમી | હાલ તો | હાલતો |
| અંક નં. ૪૯૫ :— | | | |
| ૭ | આઠમી | અબંધ જ રહે છે. | બંધાય છે. |

—o—

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવવાનું અમૂલ્ય સૌભાગ્ય પ્રાપ્ત થવાના હર્ષોપલક્ષમાં :-

૧૧૦૦૦-૦૦ શ્રી પાલનપુરનિવાસી ડૉ. હરિભાઈના ધર્મપત્ની સ્વ. શ્રી જયલક્ષ્મીબેનના સ્મરણાર્થે હસ્તે કીશોરચંદ્ર હરિલાલ પરીવાર

૭૧૧૪-૦૦ શ્રી ચંપાબેન તખતરાજ પરીવાર-કલકત્તા

૩૦૦૪-૦૦ શ્રી નિખીલભાઈ પ્રતાપરાય ગાંધી મુંબઈ, હસ્તે બ્ર. વસંતબેન

-તરફથી સંસ્થાના વિવિધ દાનખાતાઓ માટે જાહેર કરવામાં આવ્યા છે.

—o—

## મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય :

### દરરોજ બે વખત ગુરુવાણીનો યોગ

* પૂજ્ય ગુરુદેવની વાણી મળે તે એક અનુપમ સૌભાગ્ય છે. માર્ગ બતાવનાર ગુરુ મળ્યા અને વાણી સાંભળવા મળી તે મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય છે. દરરોજ સવાર-બપોર બે વખત આવું ઉત્તમ સમ્યક્તત્ત્વ સાંભળવા મળે છે–એના જેવું બીજું કયું સદ્ભાગ્ય હોય? શ્રોતાને અપૂર્વતા લાગે અને પુરુષાર્થ કરે તો તે આત્માની સમીપ આવી જાય અને જન્મ-મરણ ટળી જાય–એવી અદ્ભુત વાણી છે.

—પૂજ્ય બહેનશ્રી

* આવું શ્રવણનું જે સૌભાગ્ય મળ્યું છે તેને મુમુક્ષુ જીવોએ સફળ કરી લેવું યોગ્ય છે. પંચમ કાળે નિરંતર અમૃત-ઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.

—પૂજ્ય બહેનશ્રી

* ધન્ય હૈ ગુરુદેવ, ઉનકા જન્મદિન વ જન્મજયંતીકા પ્રત્યક્ષ લાભ લેને વાલા પુણ્યશાલિઓકા સમૂહ. જિનકે દર્શન માત્રસે તીવ્ર મુમુક્ષુ કૃતકૃત્ય હો જાતે હૈં – ઐસે ગુરુદેવકે જન્મદિન બારંબાર મનાતે રહે યહી ભાવના હૈ.

—પૂજ્ય ન્યાલચંદભાઈ સોગાની

—૦—

માર્ચ, એપ્રિલ ૧૯૮૫ * આત્મધર્મ * [૪૯૭, ૪૯૮] અંક : ૯, ૧૦ વર્ષ : ૪૧

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રત : ૩૦૦૦
વાર્ષિક લવાજમ ૯–૦૦
મુદ્રક : સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ, સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364 250
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364 250